વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
₹ 50


# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

જૂન ૨૦૧૯

**૨૧ જૂન 'વિશ્વ સંગીત દિવસ'ની સૌને સુરીલી શુભેચ્છાઓ**

છે સાગર, નદી, ઝરણમાં ને ધરતી અંબર રણમાં,
આ સૃષ્ટિના કણકણમાં, સંગીત બસ સંગીત છે.




SHYAMAL-SAUMIL
the musical odyssey
શ્યામલ–સૌમિલ મુનશી પ્રસ્તુત
હૃદયસ્પર્શી અને ચોટદાર ગઝલોની સોગાત
રજૂઆત
ગુજરાતી ગઝલ આલબમ
TOUCHING TUNES
music for all forever
Audio CD Available at all Music Stores.
સંપર્ક કરોઃ
Marketed by: Wonder Waves Entertainment Pvt. Ltd.
707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us: 26561834/35 visit us at: www.shyamalsaumil.com
સંગીત અને ગાયક
શ્યામલ-સૌમિલ


Yellow Sapphire



# CERTIFIED GEMSTONES

with Buy Back Guarantee


Ruby


Emerald


Pearl


Coral


Diamond


Blue Sapphire


Hessonite


Cat's eye

RATNAश्री®
Gems & Jewels

42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, **www.ratnashree.com**

# સંપાદકનું સારેગમ

## હેતુ સાથેની પ્રવૃત્તિ એક આંતરિક આનંદ આપે છે

જંગલમાં જ્યારે સિંહ હરણની પાછળ દોડે છે. તે હરીફાઈમાં ઘણીબધી વાર હરણની જીત થતી હોય છે. પાછળ ભાગતા સિંહની જરૂરિયાત એના શિકારને મ્હાત કરી એને ખાવાની હોય છે. જ્યારે આગળ ભાગતા હરણની જરૂરિયાત એનો જાન બચાવવા માટેની હોય છે. એવા સંજોગોમાં સિંહ ભલેને વિકરાળ અને બળવાન છે. જીત તો ભોળા હરણની જ થાય છે.

જ્યારે જ્યારે સહેતુક લેવાયેલ નિર્ણય હોય, પગલું હોય એનું મહત્ત્વ જરૂરિયાત કરતાં અગત્યનું બની રહે છે. આમ ક્રિયા પ્રેરિત હેતુનું પલ્લું જરૂરિયાતના પલ્લાં કરતાં ભારે બની રહે છે. રોજબરોજના જીવન વ્યવહારમાં, વ્યાપારના સંદર્ભમાં પણ આ વાત એટલી જ સાચી અને નિર્ણાયક બની રહે છે. કલાના સંદર્ભે પણ બધું જ મેળવી લેવાની, બધું જ ભોગવી લેવાની ઇચ્છા કરી અને એ મેળવ્યા પછી પણ અધૂરપની લાગણી ઘણાં કલાકારો અનુભવતા હોય છે. તેવે વખતે હેતુ સાથેની પ્રવૃત્તિ એક આંતરિક આનંદ આપે છે.

સિંહ અને હરણની વાતમાં, એમની દોડના કારણમાં હેતુ અલગ-અલગ છે. માટે એના પરિણામ પણ અલગ-અલગ છે. આપણી આ સઘળી દોડ અને એના કારણો અને એનો હેતુ જેટલો જલ્દી સમજાય એમાં જ આપણું હિત છે.

**—સૌમિલ મુનશી**

Follow us on
/ShyamalSaumil

SHYAMAL-SAUMIL
the musical odyssey

વર્ષ: ૮/અંક: ૧૦૨/જૂન, ૨૦૧૯
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાઘવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર
**પબ્લિક રીલેશન્સ, કોઓર્ડિનેટર :** રીના ગોર
**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
કુલ પેજ: ૪૪

**ઇ-મેલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં : અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી.
તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું **'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'** પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ **વન્ડરવેવ્સ એન્ટરટેઇનમેન્ટ પ્રા. લિ.** ના નામે લખવો.
**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD.
and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI

## પિતા-પુત્રના સંબંધને એક સુંદર શબ્દદેહ વડે રજૂ કરવા બદલ આભાર

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'નો મે નો અંક વાંચ્યો. ખૂબ મજા પડી. રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની કવિતા 'કદાચ કોઈનો દીકરો ખોવાયો હશે...' વાંચીને ખરેખર એક ડૂસકું લેવાઈ ગયું. પિતા-પુત્રના સંબંધને એક સુંદર શબ્દદેહ વડે શણગારી વાચકો સમક્ષ રજૂ કર્યો. હું કાયમ સૌથી પહેલાં રાજેશ વ્યાસ 'મિસ્કીન'ને વાંચવાનું પસંદ કરું છું. તેમની દરેક કવિતાઓ મારા હૃદયની નજીક હોય છે. હું તેમના દરેક લેખને સાચવી રાખું છું. 'સ્વરસેતુ' સંગાથે કાયમ રાજેશ વ્યાસ વાંચવા મળે તેવી ઇચ્છા સહ.

**– ફાલ્ગુની શુક્લ, જામનગર**

## સ્વરસેતુ પરિવારને શતક પૂરા કરવા માટે હૃદયના ભાવસભર વંદન સહ અભિનંદન

આપની સંગીત અને સાહિત્યની કામગીરી આ રીતે નિરંતર ચાલતી રહે જેનો લાભ અમારા જેવા શ્રોતાઓને સતત મળતો રહે એજ શુભકામના. આપની પુરી ટીમ સંગીતના નવા આયામો સર કરે તેમજ આપને આ રસ્તામાં આવતી તમામ પ્રતિકુળ પરિસ્થિતિ અનુકૂળ પરિસ્થિતિમાં ફેરવાઈ જાય એવી પ્રભુ પાસે પ્રાર્થના.

સ્વરસેતુ દ્વારા આયોજિત બધા જ કાર્યક્રમ અમારા જેવા (શ્રોતા) ઉપર એક સુંદર છાપ મૂકે છે જે માટે આપ સર્વેનું ટીમવર્ક નોંધ કરવા લાયક છે. ગુજરાતી ભાષાના સંગીત માટેનો આપ સર્વેનો સમર્પણભાવ પણ અદ્‌ભુત છે. જે માટે સંગીતને ચાહનાર આવનારી કેટલીયે પેઢીઓ આપને હંમેશા યાદ કરે છે તથા યુગો સુધી કરતી રહેશે તેમજ પ્રેરણા લેતી રહેશે. આપ નવા યુવા ગાયકોને મંચ રજૂઆત માટેની તાલીમ પણ આપો છો જે એક એક્સ્ટ્રા ઓર્ડિનરી કામ છે. આપ દ્વારા આયોજિત વૈવિધ્યસભર કાર્યક્રમોના અમને ઘણી વખત સાક્ષી બનવાનો મોકો નસીબ થયેલ છે જેના માટે અમે તમારા આભારી છીએ જ પણ ખાસ વાત એ કે આપના આ કાર્યક્રમોમાં પણ અમારા દિલ અને દિમાગ ઉપર અનુષ્ઠાન કાર્યક્રમે જે અમીટ છાપ મૂકેલ છે તેના માટે મારા આ શબ્દો ઓછા પડે તેમ છે આવા બીજા નાવીન્યસભર કાર્યક્રમની આતુરતા હંમેશા રહેશે.

બીજી ખાસ રજૂઆત કે સ્વરસેતુના અંકમાં કોઈ એક કૉલમ એવી ચાલુ થાય જેમાં ખાસ કરીને ગુજરાતી સુગમસંગીત, લોક સંગીત ડાયરા, ભજન, ગરબા વગેરે જેવી રજૂઆત માટે વાદ્ય, ગાયક તથા સંગીત એરેન્જરનું કામ કરનાર જૂના તથા નવા કોઈ કલાકારનું જીવન ઝરમર તથા તેમની સંગીતયાત્રાની વાતો નિયમિત રીતે રજૂ થાય તો ખૂબ જ ગમશે. બસ આ રીતે અમે તમારા સહવાસમાં રહીશું.

**– નિલેશ જી. પટેલ, હાથરવ કંપા**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# બિલકુલ અંગત



વસ્ત્ર હું પ્હેરું ન પ્હેરું એક છે,
દેહ આ મારો ને દેરું એક છે.

મન કરું નિર્મૂળ જંપી જઈ અને,
કે વહી ખળખળ ઉછેરું એક છે.

સ્પર્શ એવો ખ્યાલ ના આવે, મગર...
શ્વાસ ને ઉચ્છવાસ એરુ એક છે.

જે ઉપરછલ્લું રમે છે સ્મિત આ,
એ અને આ દર્દ ઘેરું એક છે.

હું મને 'મિસ્કીન' માણું હર પળ,
કૈંજ પણ ભાંગુ-ઉમેરું એક છે.

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

ત્યાગીઓએ દેહ તુચ્છ છે એવું ભલે ગણ્યું હોય પરંતુ મને તો દેહ આત્મા જેટલો જ મહત્ત્વનો લાગ્યો છે. દીવો બ્હાર કરવા કરતાં દેહમાં કરવો વધારે યોગ્ય લાગે છે. શારદાગ્રામના પૂજ્ય મનસુખરામ જોબનપુત્રાનું એક ગીત બાળપણથી ગાવું ખૂબ જ ગમે છે.

**આત્માનું મંદિર તન આ,**
**સુંદર સબલ વિમલ કરીએ...**

આત્માનું મંદિર એટલે આ શરીર. એને સુંદર રીતે રાખવું જોઈએ. તેને બળવાન બનાવું જોઈએ. એને નિર્મળ રાખવું જોઈએ. શરીર મંદિર જેટલું પવિત્ર છે એ જે દિવસે

સમજાય છે એ દિવસે જાણે જીવનની એક આગવી યાત્રા શરૂ થાય છે. ભાવનગરમાં મસ્તરામ બાપુ સાથે બેસવાની તક મળેલી છે. રંગ અવધૂત મહારાજને જ્યારે પણ જોયા છે ત્યારે દેહથી મુક્ત અવસ્થામાં અવધૂત સ્વરૂપે જ જોયા છે. અવધૂત એ અવસ્થાનું નામ છે. દેહને ઓળખીએ, દેહને નિર્મળ અને પવિત્ર બનાવીએ પછી દેહથી મુક્ત થવું ઘણું સરળ બની જાય છે. અંગત રીતે માનું છું કે દેહના દુશ્મન બનીને તેને પીડા આપવા કરતાં દેહને ઓળખીને તેને મિત્ર બનાવવાથી વધારે સરળતાથી આધ્યાત્મની યાત્રામાં સફળ થવાય છે. નગ્નતાનો ખ્યાલ અને નાગા હોવું એ ફેર છે. વસ્ત્ર પહેરે કે ન પહેરે મન ઉપર એની કોઈ અસર ન પડે ત્યારે દેહ મંદિર જેવો બની જ ગયો હોય છે.

નગ્નતાનો ખ્યાલ અને નાગા હોવું એ ફેર છે. વસ્ત્ર પહેરે કે ન પહેરે મન ઉપર એની કોઈ અસર ન પડે ત્યારે દેહ મંદિર જેવો બની જ ગયો હોય છે.

યોગમાર્ગમાં વિચારથી મુક્ત થવાનું છે અને ભક્તિમાર્ગમાં વિકારથી મુક્ત થવાનું છે. હું કોણ છું એની શોધ, શ્વાસ-ઉચ્છવાસ જોતા જવાની ઉપાસના અચાનક અનુભૂતિ કરાવે છે કે મન એ બીજું કશું જ નથી ભીતર ઊઠતાં તરંગો છે, જેવા જંપી જઈએ છીએ એવા તરત શાંત થઈ જઈએ છીએ. મન જાણે નિર્મૂળ થઈ જાય છે. ભક્તિમાર્ગે સર્વ પરિસ્થિતિનો સ્વીકાર છે. પ્રત્યેક પળે નદીની જેમ ખળખળ વહી જવાનું છે. પ્રત્યેક પળમાં જીવી લેવાથી પણ મન નિર્મળ રહે છે. પ્રત્યેક પળ એટલે આ ક્ષણ...કોઈ ભૂતકાળ નહીં, કોઈ ભવિષ્યકાળ નહીં. યોગને અંતે ભક્તિ પ્રગટતી જણાઈ છે. ભક્તિને અંતે યોગ પ્રગટતો જણાય છે. નરસિંહ અને મીરાંની કવિતાઓમાં એના પગલાં જડે છે.

જીવનના રહસ્યોને, સંસારના રહસ્યોને જેમ-જેમ જાણતા જાવ છો તેમ-તેમ જાણે એક ઉદાસી, એક નિર્લેપતા, એક નિર્મોહીપણું પ્રગટતા જાય છે. પ્રત્યેક સુખને તેનું એક દુઃખ હોય છે. પ્રત્યેક દુઃખને તેનું એક સુખ હોય છે. પ્રત્યેક આરંભને તેનો અંત છે. મિલન વચ્ચે જુદાઈ હોય જ. રાત પછી દિવસ આવે જ. બધું જ દ્વંદ્વમય છે.

શ્વાસ લીધા વગર કેટલો સમય રહી શકાય? શ્વાસ લીધા પછી કેટલો સમય છોડી શકાય? આ ક્ષણે મને મારો શેર યાદ આવી રહ્યો છે.

**લીધા પછીએ ક્યાં સુખ, મૂક્યા પછીએ ક્યાં સુખ?**
**હર શ્વાસને મળ્યો છે ધબકાર તરસવાનો.**

શ્વાસ લીધા પછીયે સુખ નથી, શ્વાસ મૂક્યાં પછીયે સુખ નથી. શ્વાસ આવે ને પાછો ન જાય તો? શ્વાસ જાય અને પાછો ન આવે તો? શ્વાસ અને ઉચ્છવાસ બંને જરૂરી છે. બંને એરુ જેવા છે, સાપ જેવા છે. જે આયુષ્યને ડંખ્યા કરે છે.

હરીન્દ્ર દવેના ગીતની એક સુંદર પંક્તિ છે.

**ઊંડું પાણી આભ તરાવે તોય અંધારે લીન,**
**શાણા જનની એક જ તાસીર હોય સદા ગમગીન.**

જીવનના રહસ્યોને, સંસારના રહસ્યોને જેમ-જેમ જાણતા જાવ છો તેમ-તેમ જાણે એક ઉદાસી, એક નિર્લેપતા, એક નિર્મોહીપણું પ્રગટતા જાય છે. પ્રત્યેક સુખને તેનું એક દુઃખ હોય છે. પ્રત્યેક દુઃખને તેનું એક સુખ હોય છે. પ્રત્યેક

આરંભને તેનો અંત છે. મિલન વચ્ચે જુદાઈ હોય જ. રાત પછી દિવસ આવે જ. બધું જ દ્વંદ્વમય છે. જેમ-જેમ આગળ વધતા જઈએ છીએ તેમ-તેમ આ જગતને જોઈને હસી પણ પડાય છે. કાળની આ લીલા જોયા પછી હસી પડાય છે, પરંતુ સ્હેજ ઊંડે ઉતરીને જોઈએ તો એક ઉદાસીનું ઘેરું દર્દ પણ હોય છે.

દેહ એ પાંચ તત્વોનો મહાસાગર છે. પ્રત્યેક મનુષ્યના દેહમાં અપાર શક્તિઓ રહેલી છે. પ્રત્યેક મનુષ્ય એ અલગ વિશ્વ છે. કમ્પ્યૂટર કરોડો જ્ઞાનતંતુવાળું મગજ છે. આ આંખો કેટલું અદ્‌ભૂત નિહાળી શકે છે. જીભ એ સ-રસ-વતી છે. એનું બીજું નામ રસના પણ છે. કાનેથી કેટલું સુંદર શ્રવણ કરી શકીએ છીએ. સુગંધને, પવનને, જળને કેવા અનુભવી શકીએ છીએ. હું હવે મને પ્રત્યેક પળે માણી રહ્યો છું. હું શુદ્ધ આત્મતત્ત્વ છું. હવે કશુંય મારામાં ઉમેરાય કે ઓછું થાય એનાથી મને કોઈ ફરક પડવાનો નથી. ક્યાંક આમ જ કલાકો સુધી બેઠાં પછી થોડીક ક્ષણોમાં આ ગઝલ લખાઈ.





રતિલાલ બોરીસાગર

# એક વ્યાયામશાળાના મુખ્યમહેમાનપદે...



એક જાણીતી વ્યાયામશાળા દ્વારા વ્યાયામ જુદા-જુદા પ્રયોગોમાં શ્રેષ્ઠતા હાંસલ કરનારાં યુવાન-યુવતીને ઇનામો આપવાનાં હતાં. આ ઇનામ વિતરણ મારે હાથે થાય એવી શુભ ભાવનાથી વ્યાયામશાળાનાં સંચાલકશ્રી મારા એક સ્નેહીનો ભલામણપત્ર લઈને મારી પાસે આવ્યા. હું ભલામણપત્ર વાંચી રહ્યો એટલે સંચાલકશ્રી બોલ્યા : 'આપ અમારા કાર્યક્રમમાં આવશો જ અને આપના વરદ હસ્તે ઇનામ-વિતરણ થશે જ એવી પૂરી શ્રદ્ધાથી હું આપની પાસે આવ્યો છું. પણ આપ હા કહો તે પહેલાં મારે એક સ્પષ્ટતા કરવાની છે.'

આર્થિક રીતે સદ્ધર ન હોય એવી સંસ્થાના કોઈ સંચાલક કાર્યક્રમની દરખાસ્ત લઈને આવે છે ત્યારે મોટે ભાગે સંસ્થાની ગરીબાઈનાં રોદણાં રુએ છે ને પુરસ્કાર આપી શકવાની અશક્તિ અંગે પહેલેથી જ ચોખવટ કરી દે છે. આવી એક સંસ્થામાં એકવાર મારે જવાનું થયેલું. કાર્યક્રમ પૂરો થયા પછી સંચાલકે બે હાથ જોડીને કહ્યું. 'સંસ્થાની આર્થિક સ્થિતિ આપ જાણો છો. એટલે અમે આપને આવવા-જવાનું રીક્ષાભાડું પણ આપી શકતા નથી. આ માટે અમે દિલગીર છીએ.' આ સાંભળી, જ્યોતિન્દ્ર દવેના શબ્દોમાં કહું તો, એમના કરતાંય હું વધુ દિલગીર થયો હતો. પણ પોતાના ખર્ચે ઘેર પાછા જવા સિવાય બીજો કશો વિકલ્પ નહોતો.

આ ગૃહસ્થ પણ આવી કશી ચોખવટ કરવા માગતા હશે એમ ધારી મેં કહ્યું, 'આવા કાર્યક્રમોમાં મને પુરસ્કારની

અપેક્ષા નથી હોતી – માત્ર લેવા-મૂકવાની વ્યવસ્થા કરો એ પૂરતું છે.'

'ના, ના, એવી વાત નથી. અમે આપને પ્રતીકરૂપ કંઈક ભેટ પણ આપીશું અને લેવા-મૂકવા માટે ગાડીની વ્યવસ્થા પણ કરીશું. સમારંભ પૂરો થયા પછી આપે ભોજન પણ અમારી સાથે જ લેવાનું છે.'

'જુઓ, હું સાંજે જમતો નથી, એટલે કે, જમી શકતો નથી. બપોરે જે થોડુંઘણું—આમ તો જોકે ઘણું થોડું—જમી શકું છું એને પચાવતાં ચોવીસ કલાક થાય છે. એટલે સાંજે મને જમવાનું જ ફાવતું નથી એટલે જમવામાં મને શું ફાવે એની સ્પષ્ટતા આપ કરવા માગતા હો તો એ પણ જરૂરી નથી.'

'ના, ના, એવી વાત નથી. પણ અમારા કાર્યક્રમમાં પધારતા મહેમાન માટે અમે યોગ્યતાનાં કેટલાંક ધોરણો નક્કી કર્યા છે.'

'આપ વ્યાયામશાળા ચલાવો છો એટલે આપને ત્યાં આવનારા મહેમાનની શારીરિક ક્ષમતા અંગે આપને કેટલીક અપેક્ષાઓ હોય તે સમજી શકાય તેવું છે. હું આપને ત્યાં આવીને વ્યાયામના પ્રયોગો તો નહિ બતાવી શકું, પણ ગાડીમાંથી ઉતરીને સ્ટેજ સુધી હું ચાલી શકીશ. સમારંભ પૂરો થાય ત્યાં સુધી સ્ટેજ પર બેસી શકીશ—વ્યાયામશાળાના મહેમાનને છાજે એ રીતે ટટ્ટાર બેસીશ. ઇનામ-વિતરણ ચાલે ત્યાં સુધી કશાયનો ટેકો લીધા વગર ઊભો રહી શકીશ. વ્યાયામશાળાનાં પ્રમાણપત્રો ને ઇનામો બહુ વજનદાર નહીં હોય તો ઊંચકી પણ શકીશ...' મેં કહ્યું.

'ના, ના, એવી વાત નથી.' સંચાલકશ્રી બોલ્યા, 'વાત એમ છે કે અમે સર્વાનુમતે નક્કી કર્યું છે કે અમારા મુખ્યમહેમાનનું વજન સાઠ કિલોથી વધુ ન હોવું જોઈએ અને સાથેસાથે તેઓ મોટા વિદ્વાન હોવા જોઈએ અને એમને છટાદાર રીતે ભાષણ કરતાં આવડવું જોઈએ.' પોતાની યોગ્યતા કરતાં ઊંચું મૂલ્યાંકન થાય ત્યારે માણસને સ્વાભાવિક રીતે જ જેવો આનંદ થાય એવો આનંદ મને પણ થયો. આમ છતાં, નમ્રતા એ વિદ્વાનનું ભૂષણ છે એ સૂત્ર યાદ કરી મેં કહ્યું, જુઓ મોટા વિદ્વાન ગણાવું મને ગમે, પણ લોકોનાં મનમાં હું હજુ એવી ગેરસમજ ઊભી કરી શક્યો નથી. મારાં ભાષણો બહુ છટાદાર હોય છે એવા અભિપ્રાયો પણ મને મળ્યા નથી. એટલે...'

> તમે વિદ્વાન ન હો તોયે ચાલશે. આમ પણ, સાહેબ, વિદ્વત્તાને શું ધોઈ પીવી છે? ને આ ક્યાં ચૂંટણીસભા છે? આવડે એવું બોલજો ને, સાહેબ ! પણ વજનની બાબતમાં ને વ્યાયામશાળાએ ન ગયા હોવાની બાબતમાં અમે સહેજે બાંધછોડ કરી શકીએ એમ નથી. વ્યાયામશાળાએ ન જનારની મોટી ઉંમરે કેવી અવદશા થાય છે એ અમે છોકરા-છોકરીઓને સમજાવવા માગીએ છીએ.'

'સાહેબ, તમે ચિંતા ન કરો. વિદ્વત્તા અને વક્તૃત્વ અંગે અમારો ઝાઝો આગ્રહ નથી. તમે વિદ્વાન ન હો તોયે ચાલશે. આમ પણ, સાહેબ, વિદ્વત્તાને શું ધોઈ પીવી છે? ને આ ક્યાં ચૂંટણીસભા છે? આવડે એવું બોલજો ને, સાહેબ! પણ વજનની બાબતમાં ને વ્યાયામશાળાએ ન ગયા હોવાની બાબતમાં અમે સહેજે બાંધછોડ કરી શકીએ એમ નથી. વ્યાયામશાળાએ ન જનારની મોટી ઉંમરે કેવી અવદશા થાય છે એ અમે છોકરા-છોકરીઓને સમજાવવા માગીએ છીએ.'

વ્યાયામશાળાના સંચાલકની વિલક્ષણ દ્રષ્ટિ અંગે મને આશ્ચર્ય થયું. પણ આશ્ચર્યનો ભાવ છુપાવીને મેં કહ્યું, 'મારું વજન તો સાઠ કિલોથી સહેજ પણ વધુ નથી. આટલું વજન

છેલ્લાં ચાર વર્ષથી છે. વજન વધારવાના પ્રયત્નો બહુ કર્યા છે પણ સફળ નથી થયો. એટલે કાર્યક્રમના દિવસ સુધીમાં વજન વધીને સાઠ કિલો ઉપર જતું રહે એવો સંભવ નથી. ઊલટું, સાત વર્ષનો થયો ત્યારથી શરૂ કરીને અઢાર વર્ષનો થયો ત્યાં સુધી હું નિયમિતપણે વ્યાયામશાળામાં ગયો હતો. અમારા સાવરકુંડલા ગામનું શ્રીકૃષ્ણકુમારસિંહજી વ્યાયામમંદિર જિલ્લાનાં ઉત્તમ વ્યાયામમંદિરોમાંનું એક છે.'

મારી વાત સાંભળી એ મારી સામે આશ્ચર્યથી જોઈ રહ્યાં. મારા કથન પર એમને વિશ્વાસ બેઠો હોય એવું લાગ્યું નહિ. એમણે કહ્યું, 'તમે સાચું જ કહેતા હશો, પરંતુ આટલાં બધાં વરસ વ્યાયામશાળામાં ગાળનારી વ્યક્તિનું શરીર આવું માયકાંગલું હોય એ નવાઈની વાત છે. પણ કંઈ વાંધો નહિ. તમે-તમારે કહેજો કે હું કદી વ્યાયામશાળા ગયો નથી. તમારું આવું શેરડીના સુકાઈ ગયેલા સાંઠા જેવું શરીર જોઈ સૌ સાચું માની લેશે.'

સંચાલકશ્રીએ મારા શરીરના વર્ણન માટે જે શબ્દો વાપર્યા તે મારું ગૌરવ વધારે એવા નહોતા. જ્યોતીન્દ્ર દવેએ એક વ્યાયામશાળાના સંચાલક માટે લખ્યું છે કે એમણે શરીર કસ્યું હતું એટલી જીભ કસી નહોતી, તેમ આ સંચાલકશ્રીએ પણ શરીર જેટલું કસ્યું છે એટલી જીભ કસી નથી એવું મને લાગ્યું. એટલે એમના કથનનો પ્રતિવાદ મેં ન કર્યો, પણ 'હું કદી જૂઠું બોલતો જ નથી એવું જૂઠું હું તમારી સમક્ષ નહિ બોલું. પણ આમ અકારણ જૂઠું બોલવાનું મને નહિ ફાવે.'

'તે ન બોલજો, સાહેબ! તમે કશું ન કહેતા. અમે કહીશું કે આ સાહેબ કદી વ્યાયામશાળાએ નથી ગયા. એટલે જુઓ, એમનું શરીર કેવું સાવ ખડમાંકડી જેવું છે!' મારા શરીર અંગે પ્રમાણપત્રો આપવાનો સિલસિલો ચાલુ રાખતાં તેમણે કહ્યું.

'ના, ના એ પણ બરાબર ન કહેવાય.' સંચાલકશ્રીએ મને યુધિષ્ઠિરની ભૂમિકા પર લઈ જવાનો પ્રયાસ કર્યો પણ હું હરિશ્ચન્દ્રની ભૂમિકા પર અટલ રહ્યો.

'તો પછી સાહેબ, અમે શું કરીએ?' સંચાલકશ્રીએ મૂંઝાઈને કહ્યું.

'જુઓ, હું તમને મારા એક બીજા મિત્ર પર ચીઠ્ઠી લખી આપું. એ મોટા લેખક છે, વિદ્વાન ગણાય છે એટલું જ નહિ—ખરેખર વિદ્વાન છે; સારા વક્તા પણ છે. એમનું વજન મારા કરતાં પણ બે-ત્રણ કિલો ઓછું છે. તેઓ કદી વ્યાયામશાળાએ ગયા નથી. આ અંગેનો પશ્ચાતાપ તેઓએ વારંવાર વ્યક્ત કર્યો છે. તેઓ લગભગ માંદા જ રહે છે. અત્યારે તેઓ માંદા નહિ હોય તો તમારું નિમંત્રણ સ્વીકારશે ને કાર્યક્રમના દિવસે માંદા નહિ હોય તો કાર્યક્રમમાં હાજર રહેશે.'


પોતાનાં ભાવિ મુખ્યમહેમાનશ્રીનું વર્ણન સાંભળી સંચાલકશ્રી પ્રસન્ન થઈ ગયા. આવા ઉત્તમ મનુષ્ય મુખ્યમહેમાન તરીકે મળશે એવી તો એમને કલ્પના જ નહોતી. મારી પાસેથી ભલામણપત્ર લઈ, મારો ઉપકાર માની તેઓ વિદાય થયા.


પણ કાર્યક્રમના દિવસે, કાર્યક્રમ શરૂ થવાના અર્ધા કલાક પહેલાં, સંચાલકશ્રી ફરી મારે ઘેર આવ્યા; કહે, સાહેબ, અમે પસંદ કરેલા મહેમાન ગઈકાલથી ગંભીર માંદગીમાં સપડાયા છે. અમે તો એમને સ્ટ્રેચરમાં સુવડાવી, એમ્બ્યુલન્સમાં લઈ આવવા તૈયાર હતા, પણ ડૉકટરે એવું જોખમ લેવાની એમને ના કહી. હવે તમે જ અમારા કાર્યક્રમનું મુખ્યમહેમાનપદ શોભાવો.'


નિયતિ આને જ કહેતા હશે?

**('ૐ હાસ્યમ્', સાભાર: ગૂર્જર પ્રકાશન)**


Future Solutions
AIRCONDITIONING SOLUTIONS FOR THE FUTURE
DAIKIN
GUJARAT'S LARGEST SERVICE NETWORK
0% FINANCE AVAILABLE
HI WALL UNITS
CASSETTE UNITS
DUCTABLE UNITS
VRV SYSTEMS
CHILLERS
Get ready to chill
K3DC.IN
FUTURE SOLUTIONS
DAIKIN SOLUTION PLAZA
futuresoluindia@gmail.com
www.futuresoluindia.com
Jyoti Plaza,
Shyamal Cross Roads,
Satellite, AHMEDABAD.
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park,
Opp. Pratik Mall,
Nr. HDFC Bank, Kudasan.
+91 79 26746605 / 06,
99789 69242, 98253 06605
079 2360 0789


Future Automation Solutions
SOLUTIONS FOR SIMPLIFIED LIVING
Authorized Channel Partners & System Integrators
B. Berker by :hager
Schneider Electric
Control4
RTI
INTEGRATED AUTOMATION SOLUTIONS
HOME & OFFICE AUTOMATION
DISTRIBUTED AV & HOME THEATRES
LIGHTING, SHADE & CLIMATE CONTROLS
SECURITY & SURVEILLANCE
DOOR COMMUNICATION & CONTROLS
K3DC.IN
FUTURE AUTOMATION SOLUTIONS EXPERIENCE CENTER
079 2674 6605 / 06 | +91 99098 94784


POWER PACK SYSTEMS
LEADER IN POWER PROTECTION
Future Solutions Group
POWER BACKUP
SALES . SERVICE . RENTAL
K3DC.IN
Authorised Premium Dealer
EATON
UPS
POWER PACK SYSTEMS
"Hani House", Ground Floor,
B/h. Oriental Bank of Commerce,
Shyamal Cross Roads, Satellite,
Ahmedabad-380 015.
E info@powerpacksystems.in
powerpacksystems2611@gmail.com
M 9824013589
P +91 79 2674 6605 / 06


The Cake STATION
COMPLETE SOLUTION FOR BAKERS & CONFECTIONERS
ARIFE Lamoulde
Types of Moulds, Cake Boards, Cupcake Liners.
Fondants, Colours, Essence, Fruit Crush & other edible products.
Types of Cutters & Plungers.
Packing material for Cakes, Cupcakes, Chocolates and many more products.
AUTHORIZED DEALER FOR MUMBAI BASED ARIFE LAMOULDE
DESIGNER CAKES & CUPCAKES (BY ORDER)
14, Vraj Vihar-5, Opp. Gloria Restaurant,
Behind Rahul Tower, Satellite, Ahmedabad.
98795 16605 | 079 4006 6605
thecakestation@hotmail.com
K3DC.IN

# નેપોલિયન



નેપોલિયન ઉર્ફે ભીમો. પણ ભીમો નામ તો ભાગ્યે જ કોઈને યાદ હશે. બધા એને નેપોલિયન કહીને જ બોલાવતાં.

જનમથી જ કદરૂપું શરીર એને મળ્યું હતું. હતો ઠીંગણો. માથું મોટું. હાથ-પગ પ્રમાણમાં નાના. દેખાવમાં વિચિત્ર લાગતો.

છતાં એની માને બહુ વ્હાલો. ત્રણ દીકરી પછી દીકરો આવેલો. ખૂબ લાડથી ઉછેરતી. કહેતી, 'શરીર તો ભગવાને આપ્યું તેવું.' પણ એને ભણાવી-ગણાવીને એવો બનાવીશ કે મોટું નામ કાઢશે!'

પણ એ મોટો થાય તે પહેલાં તો મા મરી ગઈ. ભીમો ત્યારે માંડ છ-સાત વરસનો હતો. માની નજરે જોનારું પછી બીજું કોઈ રહ્યું નહિ. એટલે જ્યાં-ત્યાં હડધૂત થતો રહ્યો. બધા એની મજાક કરતાં, હાંસી ઉડાવતાં.

નાહવા-ધોવાં સવારમાં તળાવે જતો. ત્યાં આખા ડિલે સાબુ ચોળી-ચોળીને નહાતો. લોકો જોઈને હસતાં. તેને તરતાં સરસ આવડતું. ઝાડ પર ચઢીને તળાવમાં ભૂસકા મારતો. છોકરાઓ સાથે તરવાની હરીફાઈ કરતો. હરીફાઈમાં અચૂક એ જ પહેલો આવતો.

નિશાળે જવા લાગેલો. પણ ત્યાં એનું ચિત્ત ચોંટતું નહિ. બુદ્ધિ મંદ હતી. ભણવામાં એને રસ પણ નહોતો પડતો. શિક્ષકો એને ઠપકો આપતા રહેતા. બીજા વિદ્યાર્થીઓ ઠેકડી ઉડાવતા. ધીરે ધીરે એણે નિશાળે જવાનું બંધ કરી દીધું.

બાપની નાની કરિયાણાની દુકાન હતી. બાપ એને વઢીને દુકાને લઈ જતો. ત્યાં તે મહેનત તો કરતો, પણ નાની-મોટી

ભૂલો તેનાથી થયા કરતી. એટલે ત્યાં પણ બાપનાં મહેણાં-ટોણાં એને સાંભળવા પડતાં.

એક વાર કોઈએ આપેલ લાંબુ પાટલૂન અને કોટ પહેરીને ભીમો જતો હતો. બહારથી આવેલ કોઈ મહેમાને એને જોયો. એણે મજાકમાં પૂછ્યું, 'આ નેપોલિયન કોણ છે?' બસ, પછી તો છોકરાંઓ એને 'નેપોલિયન', 'નેપોલિયન' કહેવા લાગ્યાં. શરૂ શરૂમાં તો ભીમો ચિડાતો, મારવા દોડતો, પથ્થર ઉગામતો. પણ પછી એને પોતાનેય એ જ નામની આદત પડી ગઈ. એ એક નવું નામ હતું. એવું નામ ગામમાં બીજા કોઈનું હતું નહીં. પછી તો એય પોતાનું નામ 'નેપોલિયન' કહેતો થઈ ગયો!

ગામમાં બે જ જણ એને 'ભીમો' કહેતાં. એક એનો બાપ અને બીજી મારી મોટી બહેન. મોટી બહેનને ભીમા માટે ભારે સહાનુભૂતિ હતી. કોઈ ભીમાની હાંસી ઉડાવે તો એ વારતી-વઢતી. પોતે એની સાથે બહુ પ્રેમથી વર્તતી. એને કહ્યા કરતી, 'તારામાં ઘણી શક્તિ છે. તું તો બહુ આગળ વધવાનો છે.' ભીમો પણ મોટી બહેનનું બહુ માન રાખતો. એમને 'દીદી' કહેતો. દીદી કાંઈ કહે, તો અદબભેર સાંભળી લેતો. એક વાર જુગાર રમતાં પકડાયો, તો દીદી એને ખૂબ વઢી. ભીમાએ નીચા મોઢે સાંભળી લીધું અને દીદીના પગ પકડીને માફી માગી.

પરંતુ એક દિવસ ભીમો કોઈને કહ્યા વિના ઘર છોડી ભાગી ગયો. બાપે એને માર્યો હતો એને નહીં કહેવાનું કહ્યું હતું. એ ભાગી ગયો તોયે બાપે કશી તપાસ ન કરી. કહે, 'ભૂખ લાગશે એટલે આવશે પગ ઘસતો! બળદિયા જેટલું તો ખાવા જોઈએ છે. કોણ ખવડાવવાનું છે એને?'

પણ ભીમો પાછો ન આવ્યો. થોડા દિવસે દીદી ઉપર કાગળ આવ્યો કે, 'હું કાંઈક કામ કરીશ અને કમાઈશ ત્યાં સુધી ગામમાં પાછો નહિ આવું. કોઈ ખોટું કામ નહીં કરું તેની ખાતરી રાખજો!'

> શરૂ શરૂમાં તો ભીમો ચિડાતો, મારવા દોડતો, પથ્થર ઉગામતો. પણ પછી એને પોતાનેય એ જ નામની આદત પડી ગઈ. એ એક નવું નામ હતું. એવું નામ ગામમાં બીજા કોઈનું હતું નહીં. પછી તો એય પોતાનું નામ 'નેપોલિયન' કહેતો થઈ ગયો!

બે-ત્રણ મહિને એના બાપ ઉપર ત્રણસો રૂપિયાનો મનીઓર્ડર આવ્યો. સાથે કાગળ પણ—'હું સ્ટાર સર્કસમાં જોડાયો છું. જુદા-જુદા મુકામે ફરું છું. મજામાં છું. મારી નેપોલિયનની આઈટમો બધાંને બહુ જ ગમે છે.'

એક વાર હું અને દીદી બનારસ ગયેલા, ત્યાં એકાએક અમે બેનર વાંચ્યું—સ્ટાર સર્કસ. અમે જોવા ગયાં. નેપોલિયન તો ત્યાં હીરો હતો. એનું કદ, એનો દેખાવ, હાવભાવ બધું જ પ્રેક્ષકોને બહુ ગમી ગયું હતું. અને એના એ હેરતભર્યા અનેક ખેલ કરી બતાવતો. એની આસપાસ છરા ફેંકાતા, પણ એ હેમખેમ રહેતો. સિંહના ઉઘાડેલા મોંમાં એ માથું મૂકતો, પણ એનો વાળ વાંકો નહોતો થતો. ઝૂલા પર શ્વાસ અધ્ધર થઈ જાય એવા ખેલો બતાવતો અને પ્રેક્ષકો આફરીન પોકારી જતા.

સર્કસ પૂરું થતાં અમે અંદર જઈને એને મળ્યાં. દીદીને જોતાં જ એ પગે પડ્યો. મેનેજરને કહે, 'હું જે કંઈ છું, તેનું શ્રેય મારી દીદી છે.' મેનેજર અમને કહે, 'અમારા સર્કસનું આ અણમોલ રતન છે.' દીદીએ એને માથે-મોઢે વહાલભર્યો હાથ ફેરવ્યો.

**(ભાનસી દાસની ઊડિયા વાર્તાને આધારે)**





અમર ભટ્ટ

# સર્જકના નૈતિક અધિકારો : ૨

સર્જકના નૈતિક અધિકારો વિશ્વભરમાં ખૂબ મૂલ્યવાન ગણાય છે. આર્થિક અધિકારો માટેની અવધિ હોય છે-(સર્જકના મૃત્યુના વર્ષ પછી શરૂ થતા કૅલેન્ડર વર્ષથી ૬૦ વર્ષ) પણ નૈતિક અધિકારો મૃત્યુ ઉપરાંત પણ રહે છે, સિવાય કે સર્જક તે અધિકારો અન્ય વ્યક્તિ સાથે કરાર કરીને જતા કર્યા હોય. નૈતિક અધિકારોનું આગવું મહત્ત્વ એ રીતે પણ છે.

જોકે ભારતના કૉપીરાઇટના કાયદામાં સર્જકના હક્કોના રક્ષણ માટે જોગવાઈ હોવા છતાં સર્જકોને કાનૂની પ્રક્રિયા ખૂબ લાંબી અને થકવી નાખે તેવી લાગે છે. આ અધિકારોના રક્ષણ માટે જુદાં-જુદાં ઍસોસિયેશન અને પરફૉર્મિંગ આર્ટિસ્ટ સોસાયટી હોવા છતાં કેટલા બધા સર્જકોને મેં એમ કહેતા સાંભળ્યા છે કે કાનૂની પ્રક્રિયામાં રચનાત્મક સમય વ્યય કરવો એના કરતાં આવા હક્કો જતા કરવા સારા.

આ સંદર્ભમાં દિલ્હી હાઈકોર્ટે અમરનાથ સહગલ વિ. યુનિયન ઑફ ઇન્ડિયાના કેસમાં આપેલો ચુકાદો જોવા જેવો છે જે નૈતિક અધિકારોના ક્ષેત્રે નોંધપાત્ર પણ છે. (indiankanoon.org/doc/1990275). ટૂંકમાં એના વિશે જણાવું:

દેશના સુખ્યાત શિલ્પકાર અમરનાથ સહગલ અનેક પુરસ્કારોથી નવાજિત હતા. ભારતમાં આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં ઉપયોગમાં આવે એ માટે દિલ્હીમાં વિજ્ઞાન ભવનનું નિર્માણ કરવાની પરિકલ્પના થઈ. એમાં રાષ્ટ્રની વિરાસત અભિવ્યક્તિ થવી જોઈએ એવી ભાવનાથી તે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુના આગ્રહથી એ ભવનના મુખ્ય દ્વાર પાસે ભારતના સાંસ્કૃતિક ખજાનાને અભિવ્યક્ત કરતું ભીંતચિત્ર-મ્યુરલ-મૂકવાનું નક્કી થયું. ભવન સ્થાપત્યની દૃષ્ટિએ ભવ્ય હતું જ પણ એને કલાત્મક બનાવવા માટે એમાં પ્રાણ પૂરવાની જરૂર હતી. માટે મુખ્ય દ્વાર પાસે જ આવા ભીંતચિત્રનો વિચાર કરવામાં આવ્યો હતો. આ માટે અમરનાથ સહગલ દ્વારા ખાસ બનાવવામાં આવ્યું હોય તેવું ભીંતચિત્ર મૂકવાનું નક્કી થયું. આ માટે એમણે માંગેલી કિંમત એમને ચૂકવાઈ અને સરકારે તે મ્યુરલ અમરનાથ સહગલની પાસેથી તમામ હક્કો સાથે ખરીદ્યું. વિજ્ઞાન ભવનની દીવાલમાં જડાયેલું આ ભીંતચિત્ર વર્ષો સુધી દેશના સાંસ્કૃતિક વારસાનું પ્રતિક બની રહ્યું. અચાનક કોઈ સરકારી અધિકારીને તેના પર અણગમો આવતાં તે કાઢીને સરકારી વખારમાં નાંખી દેવામાં આવ્યું. કાઢી નાખતી વખતે અલબત્ત તેને નુકસાન થયું ને તેનું મૂળ સ્વરૂપ ખંડિત થયું. અમરનાથ સહગલે અનેક રજૂઆતો કરી. એમની માંગ એ હતી કે તે મ્યુરલ જેમ છે તેમ એમને પાછું મળે, એમના નૈતિક અધિકારોનું ખંડન થયું હોવાથી એમને વળતર મળે ને સરકાર તેને વધુ નુકસાન ન કરે તેવો મનાઈહુકમ મળે. સરકાર તરફથી બચાવ લેવામાં આવ્યો કે સરકારે એ ભીંતચિત્ર ખરીદ્યું હોવાથી એની માલિકી સરકારની થઈ છે, અમરનાથ સહગલ એના માલિક રહ્યા નથી ને માટે સરકારની મરજી મુજબ એનો ઉપયોગ કરી શકે છે. દિલ્હી હાઈકોર્ટે શરૂઆતમાં સરકાર સામે એવો વચગાળાનો મનાઈહુકમ આપ્યો કે સરકાર એ કૃતિની ત્યારની પરિસ્થિતિ જાળવી રાખે ને એને વધુ ખંડિત ન કરે. આ હુકમમાં ન્યાયાધીશ શ્રી જસપાલસિંઘના હૃદયસ્પર્શી શબ્દો આમ હતા:

'In a country rightly proud of its creativity and ingenuity, men who can hardly distinguish the head of Venus form those of mars cannot be allowed to decide the fate of artists who create our history and

heritage. The cry is 'iis ne passer nor pas.' and in such a situation Indian Courts will always be found dynamic and responsive. Section 57 of the Copyright Act provides the lights.' (ill ne passer not pass' વિશ્વયુદ્ધ દરમિયાન પ્રચલિત થયેલો વાક્યપ્રયોગ છે જેનો અર્થ થાય છે. 'They shall not pass.' 'તેઓ જઈ શકશે નહીં.' આ હુકમમાં 'તે ચાલી શકશે નહિ' તે અર્થમાં હોઈ શકે.)

એ પછી આખો કેસ ટ્રાયલ સ્વરૂપે ન્યાયાધીશ શ્રી પ્રદીપ નંન્દ્રજોગ સમક્ષ આવ્યો. ઘણાં સાક્ષી તપાસવામાં આવ્યા. નિષ્ણાતો દ્વારા એ મ્યુરલની હયાત સ્થિતિની તપાસ કરવામાં આવી. ૨૦૦૫માં અમરનાથ સહગલની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો. આ ચુકાદાની ભાષા પણ ખૂબ સાહિત્યિક છે. જાણે કે એ વાતનો સ્વીકાર ન હોય કે આ કેસ અને સર્જનના નૈતિક અધિકારોના ચુકાદાની ભાષા અન્ય કેસોના ચુકાદાની ભાષા કરતાં કંઈક વિશેષ સાહિત્યિક અને કલાત્મક હોવી જોઈએ! એમણે કૉપીરાઇટને બૌદ્ધિક સંપત્તિના અધિકારોની 'સિન્ડ્રેલા' કહીને સર્જકના નીચેના હક્કોને માન્યતા આપી—

૧. સર્જનના પિતૃત્વનો અધિકાર (right of authorship/ paternity rights)
૨. સર્જનને લોકો સમક્ષ મૂકી સર્જનમાંથી આર્થિક વળતર મેળવવાનો અધિકાર (Right to dissemination)
૩. સર્જનની ખંડિત સ્વરૂપમાં અભિવ્યક્તિ સામે વાંધો લેવાનો હક્ક અથવા તો એની અખંડિતતાનો આગ્રહ રાખવાનો હક્ક. (Right of integrity)
૪. તેને લાગે કે પોતાનું સર્જન સમય જતા પોતાના બદલાયેલા વિચારની યોગ્ય અભિવ્યક્તિ નથી કરતું ત્યારે તે પરત ખેંચવાનો હક્ક (Right of retraction)

આમાંથી બીજા પ્રકારનો હક્ક તે આર્થિક હક્ક છે. પહેલો, ત્રીજો અને ચોથા પ્રકારના હક્કો નૈતિક અધિકારો છે. કોર્ટે મ્યુરલના અવશેષો અમરનાથ સહગલને પરત કરવા સરકાર વિરુદ્ધ હુકમ કર્યો. વધુમાં શ્રી સહગલની આબરૂને હાનિ પહોંચી છે એવું ઠરાવી સરકાર એમને રૂ. પાંચ લાખનું વળતર ચૂકવે એવો હુકમ કર્યો. કોર્ટે ઠરાવ્યું કે સર્જકનું સર્જન જ્યારે ખંડિત કે નષ્ટ થાય ત્યારે એના સર્જનાત્મક ભંડોળ (Creative corpus)માં ઘટાડો થાય છે ને એ રીતે પણ એની પ્રતિષ્ઠાને નુકસાન થાય છે. શ્રી સહગલને પોતાની કૃતિનું પુનઃસર્જન કરવાનું સ્વાતંત્ર્ય છે એવું કોર્ટે જાહેર કર્યું.

નૈતિક અધિકારો વિશે વિચારતો હતો ત્યાં કેટલીક સ્મૃતિઓ તાજી થઈ. અમારા ગુરુ રાસભાઈ કાયમ ગીત શીખવતા પહેલાં એ ગીતના કવિ કે સ્વરકારનું નામ અચૂક લખાવે/કહે. કોઈ કાર્યક્રમમાં ગીતની રજૂઆત પહેલાં સંચાલક કવિ કે સ્વરકારનું નામ કહેવું ભૂલી ગયા હોય કે ખોટું બોલ્યા હોય તો રાસભાઈ અને ક્ષેમુ દિવેટીઆ શ્રોતાગણમાં બેઠા હોય ત્યાંથી સંચાલકનું એ અંગે ધ્યાન દોરતા. એકવાર તો રેડિયો પરથી નરસિંહ મહેતાનું પદ રજૂ થયું એ પહેલાં કવિના નામ તરીકે 'એન.મહેતા' એમ બોલાયું ત્યારે ક્ષેમુભાઈનો પિત્તો સાતમા આસમાને હતો. ૧૯૯૯-૨૦૦૦માં આકાશવાણીએ મૂર્ધન્ય સ્વરકારોનાં પસંદ કરેલા ગીતો તે સ્વરકારો પાસેથી સ્ટુડિયોમાં ધ્વનિમુદ્રિત થયેલાં હોય તે રીતે સીડી સ્વરૂપમાં માંગ્યાં. પ્રત્યેક ગીત દીઠ રૂ. ૫૦૦/-ની કિંમત આપવાનું અને એ ગીતો રેડિયો પરથી પ્રસારિત કરવાનું પણ નક્કી કર્યું. ક્ષેમુભાઈ અને રાસભાઈએ જહેમત ઉઠાવી, સ્ટુડિયોનો ખર્ચ કરી આકાશવાણી તરફથી પસંદ થયેલાં ગીતોની સીડી મોકલી પણ આપી. ક્યાંય સુધી ન તો વળતર મળ્યું કે ન તો એ ગીતો રેડિયો પર પ્રસારિત થયાં. અમે હાઈકોર્ટમાં રીટ-અરજી કરી. ન્યાયાધીશ ને સરકારી વકીલ બંને કલાપ્રેમી હોવાથી તરત જ આ અંગે યોગ્ય હુકમ થયો. એમાં મારું ગાયેલું કવિ ધ્રુવ ભટ્ટનું

લખેલું ક્ષેમુભાઈનું સ્વરાંકન આ રહ્યું- ‘ચાલ સખી પાંદડીમાં ઝાકળનાં ટીપાંની જેમ ફરી જિંદગીને મૂકીએ’ - http://tahuko.com/?p=650

તાજેતરમાં જ આવેલી ‘રામલીલા’ ફિલ્મમાં મેઘાણીનું જાણીતું ગીત ‘મન મોર બની થનગાટ કરે’ લેવાયું હતું. આમ તો એ ગીત ટાગોરના ગીત ‘હૃદય આમાર નાચે’નું મેઘાણીએ કરેલું અનુસર્જન છે. સૌપ્રથમ વાર તે લોકસંગીતના સુખ્યાત કલાકાર હેમુ ગઢવીએ ગાયું હતું. ટાગોર, મેઘાણી ને હેમુ ગઢવીનાં નામ ફિલ્મમાં ક્રેડિટ્સમાં મુકાયાં તેનો યશ સૌ કલાપ્રેમીઓને પણ જાય છે. ટાગોરનું ગીત પણ સાંભળો —https://youtu.be/rGeZTi2tTNQ ને હેમુ ગઢવીના અવાજને પણ સાંભળો - https://youtu.be/UlZDuGS5sr8

કવિ રાજેન્દ્ર શાહ અને કવિ ધ્રુવ ભટ્ટ પાસેથી કૉપીરાઇટનો જુદો દૃષ્ટિકોણ મળ્યો. મેં જ્યારે કવિ રાજેન્દ્ર શાહના ગીતો રેકૉર્ડ કરવા અંગે એમની સમંતિ માંગી ત્યારે એમણે કહ્યું કે જે કાંઈ લખાયું છે તે ઉપરથી આવ્યું છે ને એટલે હું પરવાનગી આપનારો કોણ? કવિ ધ્રુવ ભટ્ટે તો ગીતમાં કહી દીધું—

તમે ગાયાં આકાશભરી પ્રીતે એ ગીત કહો મારાં કહેવાય કઈ રીતે?

અમે આપ્યાં જે દેવકીની રીતે એ ગીત કહો મારાં કહેવાય કેવી રીતે?

ચાલો, કાનના ને યાદના રિયાઝ સાથે મારો ત્રીસ વર્ષ પહેલાં શીખેલા કૉપીરાઇટના કાયદાનો રિયાઝ પણ થઈ ગયો.

**(આભાર: વિશ્વકોશ, ‘વિશ્વવિહાર’)**





કલાપી પાઠક

# વિશ્વ સંગીત દિવસ



ઈ.સ. ૨૦૧૫થી ૨૧ જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી શરૂ થઈ છે. તન-મનને યોગ દ્વારા તંદુરસ્ત રાખી શકાય છે. તેવી જ કલા 'સંગીતકલા' માટે ૨૧ જૂનના રોજ 'વિશ્વ સંગીત દિવસ'ની ઉજવણી ઈ.સ. ૧૯૭૬થી કરવામાં આવે છે.

સંગીત માત્ર સાત સૂરોમાં સીમિત નથી. એને બાંધવા માટે વિશ્વની સીમા પણ ઓછી પડે એવું છે. સંગીત દુનિયામાં દરેક દર્દની દવા મનાય છે. સંગીતનો જાદુ તન-મનને તાજગી આપે છે.

સંગીત દૈનિક જીવનમાં વણાયેલું છે. કોયલનો ટહુકો, પાણીનો ખળખળાટ, હવાની લ્હેરખી બધામાં સંગીત સમાયેલું છે. સંગીત જગત માટે ઈશ્વરનું અનુપમ દૈવી વરદાન છે તે ભાષાની સરહદથી પર છે. રહેણીકરણી, ભાષા, પોશાક ભલે જુદા-જુદા હોય પરંતુ દરેક દેશમાં સાત સૂર, લય-તાલ એક જેવા જ હોય છે. દરેક વ્યક્તિ માટે સંગીત અલગઅલગ મહત્વ રાખે છે કોઈ પોતાના હૃદયને શાંતિ માટે તો કોઈ પોતાની ખુશી વ્યક્ત કરવા—પ્રેમને વ્યક્ત કરવા સંગીત રામબાણ કે બ્રહ્માસ્ત્રથી ઓછું નથી.

સંગીતની વિધ-વિધ ખૂબીઓને કારણે વિશ્વમાં સંગીતના નામે એક દિવસ નક્કી છે. સંગીતજ્ઞો અને સંગીતપ્રેમીઓ ૨૧ જૂનના રોજ 'વિશ્વ સંગીત દિવસ' તરીકે ઉજવે છે. આ દિવસને 'ફેટે ડી લા મ્યુઝિક'ના નામે પણ ઓળખવામાં આવે છે તેનો અર્થ મ્યુઝિક ફેસ્ટિવલ એવો થાય છે તેની શરૂઆત ૧૯૭૬માં ફ્રાન્સમાં થઈ. આ મનાવવા પાછળ સંગીતનો પ્રચાર થાય તથા એક્સપર્ટ કલાકારો મંચ ઉપર આગળ આવે તે હેતુ છે.


વર્તમાન સમયમાં સંગીત એવું સશક્ત માધ્યમ છે જે વ્યક્તિને શારીરિક અને માનસિક રોગ-વ્યાધિમાંથી મુક્ત કરે છે.

વિશ્વ સંગીત દિવસની શરૂઆત ફ્રેન્ચ નેશનલ રેડિયોના રેડિયો પ્રોગ્રામ્સના મ્યુઝિકલ પ્રોડ્યુસર જોએલ કોહેન દ્વારા કરવામાં આવી ત્યારબાદ ફ્રેંચ કલ્ચરલ મિનિસ્ટર જેક લંગ દ્વારા તેને સ્વીકાર કરાયો અને રાષ્ટ્રીય ઉજવણીનું નક્કી કરાયું અને હાલ વિશ્વના ૧૨૦થી વધુ દેશોમાં ઉજવાઈ રહ્યો છે.

'મેઇક મ્યુઝીક'ના સ્લોગન સાથે સંગીતજ્ઞો તથા ઉભરતા કલાકારો આ દિવસ ઉત્સાહભેર ઉજવે છે.

પ્રકૃતિમાં પણ સંગીત છે માનવ-માનવ વચ્ચે એકતા સાધવાનો એક માત્ર ઉપાય છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં કહેવાય.

પૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના શબ્દોમાં કહીએ તો સંગીત આદિકળાએ સાંસ્કૃતિકનું મહત્ત્વનું અંગ છે. આપણી ભારતીય સંસ્કૃતિનું હોવા છતાં એકતા છે જે સંગીતને આભારી છે. સંગીતને પ્રોત્સાહન આપવું એટલે સંસ્કૃતિને ઉન્નત કરવા બરાબર છે. કેળવણીકારો માને છે કે કોઈપણ વિષયની સરખામણીમાં મનુષ્યની શક્તિઓને પોષવા, ખીલવવા અને વિકસાવવા સંગીતકલા પારસમણિ સમાન છે. આથી સંગીતવિદ્યા સર્વધર્મોમાં પવિત્ર અને દૈવી કલા છે. સંગીતમાં ગાયન, વાદન અને નર્તન ત્રણેય કલાઓનો સમાવેશ થાય છે.



# સદા સર્વદા કવિતા પર્વ-૫૬


ઈલા આરબ મહેતા

પ્રદાન કૉમ્યુનિકેશન પ્રસ્તુત દર મહિનાના પહેલા રવિવારે 'સદા સર્વદા કવિતા'ની પ્રસ્તુતિ કરવામાં આવે છે. તારીખ ૧૨મી મે ના રોજ, અમદાવાદના રા. વિ. પાઠક સભાગૃહ ખાતે સળંગ ૫૬મો પર્વ યોજાઈ ગયો. જેમાં ઈલા આરબ મહેતાએ પોતાની સર્જનપ્રક્રિયા વિશે જ્યારે, વર્ષા અડાલજાએ ઈલા આરબ મહેતાના ગદ્ય પ્રદાન વિશે વાત કરી હતી. વર્ષા અડાલજાએ વાત કરતાં કહ્યું કે, 'મેં અને ઈલાએ સાથે લખવાનું શરૂ કર્યું, એ પણ બહુ મોડા, અમારા લેખક પિતાનું અવસાન થયું પછી.' જ્યારે ઈલા આરબ મહેતાએ જણાવ્યું કે, 'સર્જકતા એક શ્રાપ પણ હોઈ શકે, કેમકે બીજાને જ્યાં બધું જ સારું દેખાતું હોય ત્યાં સર્જકને સાવ ખરાબ પણ દેખાઈ શકે.'

કાર્યક્રમમાં મણિલાલ હ. પટેલ અને હરીશ મીનાશ્રુએ પોતાની આગવી શૈલીમાં કવિતા પઠન કર્યું હતું. કાર્યક્રમમાં નવ્ય આચમનમાં અર્પણ ક્રિસ્ટીએ કવિતા રજૂ કરી હતી.

કાર્યક્રમમાં અમદાવાદના કવિતા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા. અને કવિના સર્જનને બિરદાવ્યા હતા.


વર્ષા અડાલજા

**નામ સગપણનું અપાતું હોય છે,**
**ખેલ જેવું કંઈ રમાતું હોય છે;**
**આંખમાં પાણી જરા તો જોઈએ,**
**સ્વપ્ન એમ જ ક્યાં વવાતું હોય છે,**

**- અર્પણ ક્રિસ્ટી**

**બાની સાથે ગયું બાળપણ, ગામ જવાની હઠ છોડી દે**
**વસતિ વચ્ચે વિસ્તરતું રણ, ગામ જવાની હઠ છોડી દે**
**નથી વાવતો ભાઈ મકાઈ, ગામ જવાની હઠ છોડી દે;**
**લોહી ખરું પણ નથી સગાઈ, ગામ જવાની હઠ છોડી દે.**

**- મણિલાલ હ. પટેલ**

**જરી ફુરસદ મળી છે તો મરી પરવારવું, સાધો**
**કબરની સાદગીથી ઘર હવે શણગારવું, સાધો**
**અગર ધાર્યું ધણીનું થાય છે તો બેફિકર થઈને**
**અમસ્તી આંખ મીંચીને ગમે તે ધારવું, સાધો**

**- હરીશ મીનાશ્રુ**

# બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા 'કલાન્ત'ના ૧૬૨-મા જન્મદિનપ્રસંગે 'સહજનો સંગ' સાહિત્યિક વ્યાખ્યાન યોજાયું







ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૭ મે ૨૦૧૯, શુક્રવારના રોજ અમદાવાદના આત્મા હૉલ ખાતે, ગુજરાતી ગઝલના પ્રથમ ગઝલકાર એટલે ગુજરાતી ગઝલના પિતા એવા, કવિ, અનુવાદક બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા 'કલાન્ત'ના ૧૬૨મા જન્મદિનપ્રસંગે 'સહજનો સંગ' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ ભૂમિકા રજૂ કરી. બાલાશંકર કંથારિયાના જીવન વિશે ડૉ. હરીશ દ્વિવેદીએ અને બાલાશંકર કંથારિયાની કાવ્યસૃષ્ટિ વિશે ડૉ. રશીદ મીરે વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# 'એનકાઉન્ટર વીથ અશોક દવે'માં મજેદાર પ્રશ્નોના મજેદાર જવાબો અપાયા




ગુજરાતી બુક ક્લબ અને કર્મા ફાઉન્ડેશનના ઉપક્રમે 'એનકાઉન્ટર વીથ અશોક દવે' કાર્યક્રમનું આયોજન અમદાવાદના ગજ્જર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુણાલ વોરાએ રાષ્ટ્રગીત ગાઈને કરી. અને ત્યાર બાદ સૌ આમંત્રિતો પરિચય કરાવ્યો. ત્યાર બાદ સમ્રાટ દવેએ તેમના પિતા અશોક દવેનો પરિચય પ્રેક્ષકગણને કરાવ્યો. ચિરાગ ત્રિપાઠીના અવાજમાં રેકોર્ડેડ ઓડિયો ક્લિપ દ્વારા સૌને અશોક દવેનો પરિચય થયો.


સ્નેહલ પટેલ


રમૂજી સવાલોના હાસ્યસભર જવાબ આપી રહેલ અશોક દવેને સાંભળવા મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યાં હતા. અશોક દવેની કૉલમ 'બુધવારની બપોર'ના 'નસકોરા' વિષયના લેખનું આશિષ કક્કડે પઠન કર્યું. ફિલ્મસંગીત સાથે વણાયેલી વાતોનો શ્રોતાઓએ લ્હાવો લીધો હતો. જેનું પઠન ગુજરાતી બુક ક્લબના પ્રેસિડેન્ટ સ્નેહલ પટેલે કર્યું. શ્રોતાઓને પણ પ્રશ્નો પૂછવાનો અવસર મળ્યો અને અશોક દવેએ તેમના હાજરજવાબીપણાની સૌને પ્રતીતિ કરાવતા મજેદાર જવાબો આપ્યા. કાર્યક્રમના દરમિયાન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અશોક દવે વિશે આપેલો અભિપ્રાય સૌએ નિહાળ્યો.

ગુજરાતી બુક ક્લબ અને કર્મા ફાઉન્ડેશન દ્વારા સાહિત્યના વિવિધ વિષયોને સ્પર્શતા આવા પરિસંવાદોનું આયોજન ખૂબ આવકારદાયક છે.



વિનોદ જોશી

# માણસની માણસતાનો ખરો હિસાબ



ઘરમાં એવાં કો'ક દિવસ ચોઘડિયાં આવે,
ખૂટે આંખમાં પાણી ત્યારે ખડિયા આવે;

ડૂબી ડૂબીને ડૂબવાનું શું માણસમાં?
એક વેંત ઊતરો ને ત્યાં તો તળિયાં આવે;

ડગલું એક ભરી શકવાના હોશ નથી, પણ
ડગલું એક ભરું તો તારાં ફળિયાં આવે;

ઘંટીના પથ્થરની જેવા વિચાર છે, ને—
મારી તારી વચ્ચે બબ્બે દરિયા આવે;

શબ્દોની હૂંડી લઈ ભાષા સામે ઊભો,
પાછો વળવા જાઉં અને શામળિયા આવે.

— અશરફ ડબાવાળા

કોયડાઓના ઉકેલ શોધતો માણસ પોતે જ એક વણઉકેલ્યો કોયડો હોય છે. દવા પોતે જ દર્દનું કારણ હોય તેવી આ વાત થઈ. તેમ છતાં ઉકેલાવા કરતાં ઉકેલવાનો ધખારો માણસને વધારે હોય છે. ક્યાંક યાત્રા તો ક્યાંક વિશ્રાંતિ. ક્યાંક પરિસ્થિતિને અનુકૂળ બનાવવાની. આ બધું કરવા—કરાવવાનું બીજું નામ જ જિંદગી. તેનો આલેખ આપવા બેસીએ તો ક્યારેય હરફ પણ ન ઉચ્ચારી શકાય, તો ક્યારેક કલમ અટકવાનું નામ પણ ન લે.

આ કવિને પ્રતીક્ષા છે કોઈ ખાસ ચોઘડિયાંની. એવાં ચોઘડિયાં જે પોતાની ઈચ્છામાં સેવાયેલાં છે, પણ હજી સાકાર થયાં નથી. કો'ક દિવસ તો એ આવશે તેવી કવિની અભિલાષા અકબંધ છે. પણ એ અભિલાષાની જાળવણી કરવા જતાં આંખે આંસુ સુકાતાં નથી. આ આંસુને શબ્દો નથી. પણ ધારો કે આંસુ એકાએક ખૂટી પડે અને આંખો જાણે શાહીના ખડિયા બની જાય તો પછી કલમ હાથમાં ઝાલી ન રહે. એવું થાય તો બે અક્ષર કાગળ પર મંડાય અને પછી પેલી કદી ન થંભે તેવી શબ્દયાત્રા પ્રારંભાય. પણ એ

ચોઘડિયાં આવે ક્યારે? આંસુનું શાહીમાં રૂપાંતર થાય તો ક્યારે થાય? વેદનાને વાચા મળે તો ક્યારે મળે? કવિ તેની ચિર પ્રતીક્ષામાં બેઠા છે. અશબ્દ એવી સંવેદનાને જીરવ્યા કરવી અને ભાષા નજીક આવવાનું નામ ન લેતી હોય તે વખતની મૂંઝવણને કવિએ સરસ રીતે ઉપસાવી છે.

છેવટે ડૂબવાનું મળે તો એવો અંત પણ કવિને માન્ય છે. તેને નિમજ્જન પણ કહી શકાય અને વિલોપન પણ કહી શકાય. ફરી સપાટી પર આવવાનું હોય જ નહીં તેવા શાશ્વત વિરામની ઝંખના ફળતી હોય તો કવિને ડૂબવું સાર્થક લાગે છે. પણ આ ડૂબવું એ જળ વિશેનો કોઈ મામલો નથી. કવિ તો માણસમાં ડૂબવાની વાત કરે છે. અને અંતે નિદાન આપતા કહે છે કે માણસમાં ડૂબવાનાં અભરખા પાર પડે તેમ નથી, કારણ કે તેમાં તો એક વેંત ઊતરો કે તળિયાં આવે છે. શરીરથી આગળ વધીને મનુષ્યત્વ સુધી છેડો લંબાતો નથી. કેવળ એક પિંડ પૂરતી હયાતી અનુભવાતી હોય અને માણસતાની બારી ખૂલતી જ ન હોય તેવા સંબંધમાં ચિરકાલીન કશું વિસ્તરી શકે નહીં.

નહીં તો, જ્યાં જવું છે તે સ્થાન દૂર નથી, પણ એ ફળિયાં લગી પહોંચી શકવા પગમાં શક્તિ નથી. એક ડગલું ભરતાં જ એ સ્થાન પગ તળે આવી શકે તેટલું ઢૂંકડું છે. પણ દૂરના માર્ગે જવાનો લોભ કંઈક એવો છે કે જાણે તેની આશામાં ને આશામાં એક ડગલું ભરીને નજીકનું ઠેકાણું સાધવાના હોશ પણ ઊડી ગયા છે. ખરું જોતાં વકરેલી ઈચ્છાઓ જ મનુષ્યને એટલે દૂર સુધી ફંગોળી દે છે કે નજીકમાં જ, વેંત છેટો રહેલો તેનો ઉકેલ માણસને દેખાતો નથી. 'એક ડગલું બસ થાય' તેવી કવિવાણીમાં આશ્રય શોધી શકાય પણ તેને વિશે શ્રદ્ધા જ ન રહી હોય ત્યારે ઈચ્છિત ફળિયું સાંપડવું મુશ્કેલ બની જાય.

કવિ વિચાર માટે ઘંટીના પથ્થરની ઉપમા યોજે છે. વિચારોની જડતાનો તેમાં નિર્દેશ છે તો સાથોસાથ ચક્રાકારે યથાસ્થાને ફર્યા કરવાની તેની નિયત ગતિનો સંકેત પણ તેમાં છે. ઘંટીના પડ વચ્ચે જે પિસાય છે તે દ્રવ્યનો અવ્યક્ત છતાં આપણી સમજમાં તરત પ્રવેશી જાય તેવો સંકેત પણ અહીં છે. પણ અહીં 'મારી તારી વચ્ચે બબ્બે દરિયા આવે' એમ કહી કવિએ અનાજને દળી શકાય, પાણીને કેમ દળવું? એવો પ્રશ્નાર્થ રચવા ઉપરાંત મારી અને તારી વચ્ચે બબ્બે દરિયા જેટલું અંતર છે, તેમાં બે પડ ભેગા થાય તેવો સંભવ જ નથી તેવું તારતમ્ય પણ રચી લીધું છે. પથ્થર અને પાણીનો વિરોધાભાસ અહીં અંતર ઉપરાંત સ્વભાવભેદનો નિર્દેશક પણ બને છે તે ખૂબી નોંધવા જેવી છે.

શામળા ગિરધારીમાં શ્રદ્ધા મૂકી નરસૈંયાએ હૂંડી તો લખી આપી, પણ પછી લગીરે ડગમગ્યા વગર એ શ્રદ્ધાને બળ સિંચ્યું. હૂંડી સ્વીકારનાર શામળિયો આવ્યો અને નરસૈંયાની ભક્તિ ફળી. આપણા આ કવિ શબ્દોની હૂંડી લઈને ભાષા સામે ઊભા છે. પણ ભાષામાં તેનો ઉપચય થતો નથી. ભાષામાં જે નીપજવું જોઈએ તે નીપજતું નથી. કવિની શ્રદ્ધા ડગમગે છે. પગ પાછા વળવા કરે છે એ જ વખતે શામળિયો સન્મુખ થતો હોય તેમ ભાષા કવિતા બનીને ઊભી થાય છે. કવિના શબ્દોની હૂંડી સ્વીકારી લે છે. કવિ પોતાના શબ્દોના કાવ્યમય સંસ્કારની જ જાણે પ્રતીક્ષા કરતા હતા અને ચોઘડિયું એમને આવી મળ્યું.

કવિતા પોતે જ જાણે કોઈ મંગળ ચોઘડિયું છે. તેનાં આગમન ટાણે કવિને ભાષાની એવી તો રંજાડ અનુભવાય છે કે તેને સંભાળીને શાંત પાડવાનો કીમિયો હાથ ન પણ લાગે. અહીં આ કવિ તો ભાષા ખેલંદા છે. કવિતાના સૌંદર્યની સાથોસાથ માણસની માણસતાનો પણ એમણે અહીં ખરો હિસાબ આપ્યો છે.

# ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ : ચિરસ્મરણીય...અવિસ્મરણીય...



ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજતજયંતી વર્ષનો શાનદાર શુભારંભ થયો છે. વર્ષ દરમિયાન ૪૫ થી વધારે વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાવાના છે. વર્ષની ઉજવણીનો શુભારંભ ગ્રીષ્મોત્સવથી થયો અને ગ્રીષ્મોત્સવની ઉજવણીનો શુભારંભ ગાંધીનગરના સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરૂમાની પાવન ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સાથે ગુજરાત રાજ્યના કલા, સાહિત્ય, ફિલ્મ, નાટ્ય, સમાજસેવા, હસ્તકલા જેવા ક્ષેત્રના ૨૫ પ્રતિષ્ઠિત મહાનુભાવોએ ૨૫ દીપ પ્રગટાવીને કર્યો.

મુખ્યમંત્રીશ્રીની સાથે ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ગુજરાતી ફિલ્મોના સુપ્રસિદ્ધ કલાકારો - નરેશ કનોડીયા, સંગીતકાર ગૌરાંગ વ્યાસ, મનોજ જોશી, અભિનેત્રી આરતી પટેલ, નિસર્ગ ત્રિવેદી, મૌલિક નાયક, ‘લવની ભવાઈ’ના દિગ્દર્શક સંદીપ પટેલ, ગાયક કલાકારો સૌમિલ મુનશી, શ્યામલ મુનશી, નયનેશ જાની, સુપ્રસિદ્ધ સાહિત્યકારો-કવિઓ દોલત ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, માધવ રામાનુજ, તુષાર શુક્લ, દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, વી. એસ. ગઢવી, હિતેન આનંદપરા, શાસ્ત્રીય નૃત્યકાર ચંદન ઠાકોર, નિરાલી ઠાકોર, ચિત્રકાર ચૌલા દોશી અને સમાજસેવિકા જાનકી વસંતે ઉપસ્થિત રહીને ૨૫ દિપ પ્રગટાવ્યા હતા. ગુજરાતના વિવિધ કલા-સાહિત્ય અને સેવા ક્ષેત્રના ૨૫ પ્રતિષ્ઠિત પ્રતિભાઓની એક મંચ પર ઉપસ્થિતિ ગાંધીનગર માટે અમૂલ્ય નજરાણું બની રહ્યું.

‘ગ્રીષ્મોત્સવ’નો આરંભ તા. ૪થી મે એ ‘હું છું ગાંધીનગર’ની પ્રસ્તુતિથી થયો. ગાંધીનગરના જ સુપ્રસિદ્ધ લેખક-નાટ્યકાર પ્રકાશ લાલા દ્વારા લિખિત-દિગ્દર્શિત આ દસ્તાવેજી નાટ્ય-નૃત્ય-દશ્ય-શ્રાવ્ય એમ ચતુષ્પરિમાણીય પ્રસ્તુતિમાં ગાંધીનગરના ૫૦ વર્ષનો ઇતિહાસ અદ્ભુત રીતે આલેખાયો હતો. કવિ તુષાર શુક્લ અને કવિ ભાગ્યેશ જહાએ ગાંધીનગર માટે ગીતો, ગરબા અને સ્તોત્ર લખ્યાં અને સ્વરકાર-સંગીતકાર નયનેશ જાનીએ સંગીતે સજાવ્યાં. ગાંધીનગરના જાણીતા ડાન્સ ડાયરેક્ટર ભાવિન પટેલે આ ગીતો-ગરબાને નયનરમ્ય નૃત્યથી સજાવ્યા હતા. ગાંધીનગરના જ ૧૨૫થી વધુ કલાકારોએ ‘હું છું ગાંધીનગર’માં અભિનય આપ્યો હતો. ગાંધીનગરના ૫૦ વર્ષના ઇતિહાસનું પ્રેક્ષણીય મંચન અમૂલ્ય સંભારણું બની રહ્યો. પ્રેક્ષકો એ આ કૃતિને ખૂબ વખાણી.

ચાણક્ય.. કોઈ વ્યક્તિ એક નીતિ હોય, એક શાસ્ત્ર હોય, એક વિચાર હોય અને એક ઉદ્દેશ હોય એવું આપણે ચાણક્યમાં જોયું છે. જેના વિચારો તત્કાલીન કરતા પણ આજે વધુ યથાર્થ લાગે છે. જે વ્યક્તિનું અસ્તિત્વ હંમેશા રાષ્ટ્રનીતિ અને રાજનીતિ વચ્ચેની પાતળી ભેદરેખા વચ્ચે રહ્યું છે. જે

વ્યક્તિ ક્યારેક જટિલ તો ક્યારેક કુટિલ લાગી છે. પરંતુ જેને માટે રાષ્ટ્રહિતથી સર્વોપરી બીજું કંઈ જ ન હતું. એવી વ્યક્તિને ગાંધીનગર કલ્ચર ફોરમના મંચ પર જીવંત કરવાનું શ્રેય પદ્મશ્રી મનોજ જોશીને જાય છે. ગ્રીષ્મોત્સવના બીજા દિવસે મિહીર ભુતા લિખિત અને મનોજ જોશી દિગ્દર્શિત-અભિનીત મહાન ઐતિહાસિક હિન્દી નાટક 'ચાણક્ય' ભજવાયું. છેલ્લા ૧૯ વર્ષથી સતત ભજવાઈ રહેલા અને ઉજવાઈ રહેલા આ નાટકનો ૧૧૭૮મો શો યોજાયો હતો. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રીમતી અંજલીબેન રૂપાણીએ ગાંધીનગરના પ્રેક્ષકો સાથે બેસીને આખું નાટક માણ્યું. મુખ્યમંત્રીશ્રીએ વર્તમાન સમયમાં આ નાટકની યથાર્થતાને આવકારીને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. નાટક 'ચાણક્ય' નિહાળ્યા પછી કહ્યું હતું કે, 'રાજનીતિ' કરતાં 'રાષ્ટ્રનીતિ' સર્વોપરી છે. 'ચાણક્ય'ના માધ્યમથી આ વાત સુદઢ થઈ છે. ગાંધીનગરના સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરુમાએ પણ 'ચાણક્ય'ના મંચન પ્રતિ ખૂબ જ સંતોષ વ્યક્ત કરીને મનોજભાઈ જોશી અને સૌ કલાકારોને આશીર્વાદ આપ્યા.

નાટકમાં ઉચ્ચ સ્તરની હિન્દી ભાષાનો પ્રયોગ કરાયો છે. શ્રી મનોજ જોશી અને અન્ય કલાકારોના બેજોડ અભિનય અને અદ્‌ભૂત દૃશ્ય સંરચનાએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી મૂક્યા હતા. ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટના હરિયાળા વિશાળ મેદાનમાં ૫૦૦૦થી વધુ પ્રેક્ષકો ખુલ્લા પ્રાંગણમાં બેઠા હતા છતાં ટાંકણી પડે તો પણ ખલેલ પડે એવી મંત્રમુગ્ધતા સાથે પ્રેક્ષકોએ આ નાટક માણ્યું હતું.



તા. ૬ઠ્ઠી મેએ ગુજરાતી ગીતોનો કાર્યક્રમ 'ગિરા ગુર્જરીના ગરવા ગીતો' રજૂ થયો. આપણે ગળથૂથીમાં ઘૂંટી-ઘૂંટીને પીધાં છે એવાં ગુજરાતી ભાષાના ગર્વીલા ગીતો ગુજરાત ગૌરવ લઈ શકે એવા સુપ્રસિદ્ધ ગાયકો આરતી મુનશી, કલ્યાણી કૌઠાળકર, ગાર્ગી વોરા, આનલ વસાવડા, સંપદા વોરા, સૌમિલ મુનશી અને પ્રહર વોરાએ રજૂ કર્યા હતા. સંગીત સંચાલન ગૌરાંગભાઈ વ્યાસે સંભાળ્યું હતું. આ કલાકારોએ ભારે જમાવટ કરી.



"કવિ શ્રી રમેશ પારેખે મને જ્યારે આ ગીત આપ્યું ત્યારે એ અલગ મીટરમાં હતું. મેં રમેશ પારેખને કહ્યું કે, મને આ મીટર નથી ગમતું હું મારી રીતે બદલું તો ચાલશે? રમેશ પારેખે મને કહ્યું, તમને ગમે તે કરો. અને મેં અત્યારના મીટરમાં ગીત બનાવ્યું. ફિલ્મ 'નસીબની બલિહારી' માટે આ ગીત આશા ભોંસલે પાસે ગવડાવ્યું હતું પણ તે વખતે આ ગીત જરાય નહોતું ચાલ્યું. પણ વર્ષો પછી સંગીતના કાર્યક્રમમાં આરતી મુનશીએ આ ગીત ગાયું અને આજે તો આ ગીત સુગમ સંગીતના કાર્યક્રમનું અવિભાજ્ય અંગ થઈ ગયું છે. ગુજરાતના ૮૦ વર્ષીય સુપ્રસિદ્ધ સંગીતકાર ગૌરાંગભાઈ વ્યાસ આ કાર્યક્રમ દરમિયાન અત્યંત લોકપ્રિય એવા 'સાંવરીયો રે મારો સાંવરીયો... હું તો ખોબો માંગું ને દઈ દે દરિયો...' ગીતના સર્જન પાછળની ગાથા કહી રહ્યા હતા. ગૌરાંગભાઈ વ્યાસે ૧૨૫થી વધુ ફિલ્મોમાં સંગીત આપ્યું છે. અડધી સદીથી વધુ લાંબી એમની કારકિર્દી દરમિયાન તેમણે અનેક સુપરહિટ ગીતો આપણને આપ્યા

છે... આરતીબેન મુનશીએ ગૌરાંગભાઈની બાજુમાં બેસીને આજે ફરી "સાંવરિયો..." ગાયું ત્યારે સમય જાણે કે થંભી ગયો હતો!

આ જ ગાયકોના સેંકડો કાર્યક્રમો અનેક સ્થળોએ યોજાતા હોય છે, પરંતુ ગાંધીનગરમાં આજે આ કાર્યક્રમમાં કંઈક અલૌકિક... કંઈક દૈવી તત્વની અનુભૂતિ થઈ હતી. 'કાનમાં પવન કહીને ચાલ્યો. 'દીકરી તો પારકી થાપણ કહેવાય'. 'ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યાં'. 'લીલી લીલી ઓઢણી ઓઢી'. 'વીજલડી રે...' 'આમ ઝબકીને હાલ્યા જવાય નહીં'. 'હે ઓધાજી મારા વાલાને વઢીને કહેજો'. અને 'હજુ રસભર રાત તો બાકી રહી ગઈ...' જેવી બેનમૂન રચનાઓથી આ કાર્યક્રમ અવિસ્મરણીય બની રહ્યો. સૂત્રધાર કવિ પ્રણવ પંડ્યાના સંચાલનમાં સુરીલી સરગમના સલીલ મહેતાની આ પ્રસ્તુતિ અલૌકિક અને અભૂતપૂર્વ બની રહી.

અખાત્રીજે ગુજરાતના ઘરેણા જેવા ગાયક કીર્તીદાનભાઈ ગઢવીએ ગાંધીનગરાઓને મુહૂર્ત કરાવ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવના ચોથા દિવસને કીર્તિદાનભાઈ ગઢવીએ ચાર ચાંદ લગાડી દીધા હતા.. કીર્તિદાનભાઈ ગઢવીએ "લાડકી...નગરમે જોગી આયા... અને શિવતાંડવ" જેવી લોકપ્રિય રજૂઆતોથી શ્રોતાઓને ડોલાવી દીધા હતા. જોકે ડાયરાના કલાકાર સમયના દાયરામાં બંધાય એટલે બાથરૂમમાં બુલેટ ફેરવવા જેવું... એમાં બેમત નહીં, છતાં ગાંધીનગરને કીર્તિદાનભાઈ ગઢવીનો રંગ લાગી ગયો. સાથે ગાંધીનગર જિલ્લાના લોકપ્રિયતાના અનન્ય મુકામ પર પહોંચેલા અભિતા પટેલને સાંભળવા એ પણ એક લ્હાવો છે. ગ્રીષ્મોત્સવ અંતર્ગત વિવિધ પ્રકારના ચાર કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા. ગાંધીનગરાઓ માટે અનન્ય અને અભૂતપૂર્વ અનુભવ રહ્યો.

'અભી મુજ મેં કહીં... બાકી થોડી સી હૈ જિંદગી..., શુકરાન અલ્લાહ..., મૈં હું ના..., સૂરજ હુવા મધ્યમ..., અબ મુજે રાત દિન તુમ્હારા હી ખયાલ હૈ..., પંછી-નદીયાં-પવન કે જોંકે..., સંદેશે આતે હૈ..., અચ્છા સિલા દિયા તુને મેરે પ્યાર કા..., હર ઘડી બદલ રહી હૈ રૂપ જિંદગી, છાંવ હૈ કભી, કભી હૈ ધૂપ જિંદગી'' ૨૬ વર્ષની કારકિર્દીમાં અનેક હૃદયસ્પર્શી ગીતો આપનાર સોનુ નિગમ ભાવવાહી અવાજ માટે જાણીતા છે. સોનુ નિગમના અવાજમાં એક અલગ જ પ્રકારની કસક અનુભવાય છે. એવી કસકની અનુભૂતિ આજે ગાંધીનગરે કરી. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવનું સમાપન ભારતના સુપ્રસિદ્ધ ગાયક સોનુ નિગમની લાઈવ કોન્સર્ટથી થયું હતું. સોનુ નિગમે સતત સવા બે કલાક સુધી નોનસ્ટોપ પાવર પેક્ડ પર્ફોર્મન્સ આપીને ગાંધીનગરના સાત હજારથી વધુ પ્રેક્ષકોને-શ્રોતાઓને જલસો-જલસો કરાવી દીધો હતો.



યુવા દિલોની ધડકન સોનુ નિગમે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવને વધુ ઉષ્માસભર બનાવી દીધું હતું. 'કલ હો ન હો'નું શીર્ષક ગીત ગાતાં પહેલાં સોનુ નિગમે કહ્યું કે, "હું જ્યારે આ દુનિયામાં નહીં હોઉં ત્યારે ચોમેર આ ગીત વાગતું હશે.." સોનુ નિગમના આવા ઉદ્‌ગારો વખતે આખું ગાંધીનગર એક ઊર ધબકાર ચૂકી ગયું હતું. ચાહકોએ સોનુ નિગમને કિકિયારીઓ કરીને વધાવી લીધા હતા.. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ જ્યારે કલ્ચરલ યુનિવર્સિટીના આયોજનની વાત કરી ત્યારે સોનુ નિગમે તે માટે પુનઃ ગાંધીનગર આવવાની ખાતરી આપી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમનો પાંચ દિવસનો ગ્રીષ્મોત્સવ ચિરસ્મરણીય-યાદગાર બની રહેશે.

# તલગાજરડા ખાતે પૂજ્ય મોરારિબાપુના હસ્તે કવિ જવાહર બક્ષીના પુસ્તક વિમોચન કાર્યક્રમ સંપન્ન થયો



જૂનાગઢની રૂપાયતન સંસ્થાના ઉપક્રમે ચિત્રકુટધામ તલગાજરડા ખાતે તારીખ ૨૮ મે ના રોજ કવિ જવાહર બક્ષીના પુસ્તક ‘નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિકતા’નું વિમોચન પૂજ્ય બાપુના હસ્તે સંપન્ન થયું. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની પદવી માટે તેમણે પ્રસ્તુત કરેલ મહાનિબંધને રૂપાયતન સંસ્થાએ મુદ્રિત સ્વરૂપે પ્રકાશિત કરેલ આ ગ્રંથ પૂજ્ય બાપુ દ્વારા લોકાર્પિત થયો.

કાર્યક્રમના શુભારંભે રૂપાયતન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હેમંતભાઈ નાણાવટીએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું અને કહ્યું કે ‘આપણે કોઈએ નરસિંહ મહેતાને તો જોયો નથી, પણ આપણા માટે પૂજ્ય બાપુ જ નરસિંહ મહેતાનું પ્રગટ સ્વરૂપ છે! બાપુએ નરસિંહ મહેતાને ઉતાર્યો છે, ઉજાળ્યો છે અને ગજાવ્યો પણ છે. તેમણે જવાહર બક્ષીના પુસ્તક ઉપરનું આવરણ ચિત્ર બનાવનાર વૃંદાવન સોલંકીને પણ આ તકે આવકાર્યા.

આ પ્રસંગે જવાહર બક્ષીએ પોતાના પ્રભાવી, પ્રવાહી અને પ્રસાદપૂર્ણ પ્રવચનમાં જણાવ્યું કે નરસિંહના પદો પોતે જ સૌથી મોટો ચમત્કાર છે! જવાહર બક્ષીએ કહ્યું કે સંયમથી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જેનો આપણે પ્રસ્તુત પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે.

તેમણે જણાવ્યું કે નરસિંહ મહેતાની ૯૫% કવિતાઓ આનંદ સભર છે. નરસિંહ મહેતા જીવન માટે ‘અનંત કબીર સંપૂર્ણપણે નિરાકારવાદી છે, મીરાં સંપૂર્ણપણે સાકારવાદી છે; જ્યારે નરસિંહ મહેતા આ બંનેને બાથમાં લઈને જૂનાગઢના ચોકમાં ઊભો છે! હિન્દુસ્તાનના કોઈ પણ કવિમાં આ રીતે સો ટકા આધ્યાત્મિકતા અને સો ટકા ભૌતિક આનંદનું સંમિશ્રણ નથી જોવા મળતું. તેમણે નરસિંહ મહેતાને એક પૂર્ણ કવિ તરીકે પ્રસ્થાપિત કરી બતાવ્યા. નરસિંહ મહેતાના સમગ્ર સર્જનની ખૂબ ભાવસભર અને અર્થસભર પ્રસ્તુતિ કરતા કવિએ શ્રોતાઓ સમક્ષ નરસિંહ મહેતાને એક સાચા ઋષિ કવિ તરીકે, સર્વ

શ્રેષ્ઠ કવિ તરીકે, પરમ જ્ઞાની, પરમ ભક્ત, પરમ યોગી, શુદ્ધ વેદાંતી નિરાકારવાદી અને સાકારવાદી તરીકે તેમની કવિતાને સાદ્યંત સુંદર રસદર્શન દ્વારા સિદ્ધ કરી બતાવ્યા.



તેમણે 'જળ કમળ છાંડી જાને' એ પદનું આધ્યાત્મિક ભૂમિકા ઉપરથી સૂક્ષ્મ વિશ્લેષણ કરી, કાવ્યમાં રહેલી દાર્શનિક ભૂમિકાને સ્પષ્ટ કરી.

સમગ્ર પ્રવચન દરમિયાન જવાહર બક્ષીની પોતાની આધ્યાત્મિક ઊંચાઈ તેમની યોગ વિષયક અનુભૂતિ તેમજ કવિ તરીકેની તેમની શબ્દ પરખ સહજ રીતે પ્રગટ થતી હતી.

તેમના ભાવવાહી પ્રવચન બાદ હેમંત નાણાવટીએ જણાવ્યું કે તેમણે બક્ષીને આ રીતે આટલા ભાવ સભર રીતે બોલતા આ પહેલી જ વખત સાંભળ્યા છે. તેમણે રૂપાયતન સંસ્થાનો એક બીજો સંકલ્પ વ્યક્ત કરતા જણાવ્યું કે નરસિંહ મહેતાના પદો પરથી દોરાયેલા ચિત્રોની એક સુંદર આર્ટ ગેલેરી રૂપાયતન સંસ્થામાં રચવાનું તેવો વિચારી રહ્યા છે.

આ પ્રસંગે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા પૂજ્ય બાપુએ કહ્યું કે જવાહરભાઈએ ગ્રંથ તૈયાર કર્યો, નિરૂપમ નાણાવટીએ સહાયતા પૂરી પાડી અને હેમંતભાઈ નાણાવટીએ પ્રકાશનનું જે સુંદર કાર્ય કર્યું, તે બદલ એમને સાધુવાદ કે ધન્યવાદ આપવાને બદલે પોતે નરસિંહવાદ આપે છે.

તેમણે જણાવ્યું કે અહીં આ લોકાર્પણ થયું એનો જે આનંદ છે, એવો આનંદ કદાચ આપણને અન્ય કોઈપણ જગ્યાએ થયો ન હોત, એટલે મારે માટે તો "આજની ઘડી છે રળિયામણી!"

બાપુએ કહ્યું કે, "હું શબ્દનો સાધક છું. હું શબ્દને જરાપણ આમથી આમ કરું તો સરસ્વતી વિણા વગાડે નહીં, કાવ્યરચનાનું બંધારણ તૂટે, તો ક્યારેક અર્થનો અનર્થ થઈ જાય.પરંતુ જવાહરભાઈએ તો શબ્દોને પોતાના અભ્યાસ અને અનુભવની ભૂમિકા પરથી પ્રગટ કર્યા છે. અભ્યાસ, યોગ અને યોગ્યતા તેમના પ્રવચનમાં છે. આટલા અધિકારપૂર્વકનું, નરસિંહ મહેતા ઉપરનું આટલું શ્રેષ્ઠ પ્રવચન પોતે આટલા વર્ષમાં પહેલી વાર સાંભળ્યું!



બાપુએ કહ્યું કે નરસિંહ મહેતાને નાગરોએ બહુ સતાવ્યા છે, એવી આપણી ધારણા છે. નરસિંહ મહેતા એક એટલું ઊંચું વિભૂતિ-તત્વ છે કે તેને કોઈ સતાવી શકે જ નહીં. આજે ૬૦૦ વર્ષ પછી નરસિંહની કવિતાના નવા નવા અર્થોને જવાહરભાઈએ ગ્રંથો અને શાસ્ત્રોના આધાર સાથે એવી રીતે મૂલવ્યા છે કે કોઈ એને કાપી શકે નહીં. આ નાગરનું કૂળ, મૂળ અને ધૂળ નરસિંહ મહેતાના છે! બાપુએ કહ્યું કે 'ધરા'થી ઉપર ઊઠીને 'અધરા' કેમ થવાય, એ વાત જવાહરભાઈ જાણે છે અને એના આધારે એમનું આ દર્શન છે. અહીં લૌકિકતાથી મુક્ત થવાની વાત છે. સાંસારિક બંધનોમાં જકડી રાખવાની અહીં વાત નથી. આ વિજ્ઞાનની વાત છે, સાથે આધ્યાત્મિકતાની પણ વાત છે.

**– હરેશ જોશી કુંઢેલી**

# વિનોદ જોશીનું પ્રબંધકાવ્ય 'સૈરન્ધ્રી' નૃત્યનાટકરૂપે સફળતાપૂર્વક ભજવાયું





મહાભારતના વિરાટપર્વના કથાનકનું મૌલિક અને નૂતન અર્થઘટન ધરાવતું સુખ્યાત કવિ વિનોદ જોશીનું પ્રબંધકાવ્ય 'સૈરન્ધ્રી' આજકાલ ખૂબ ચર્ચામાં છે. સૌ પ્રથમ મોરારિબાપુએ સ્વયં કવિનાં નિવાસ્થાને જઈ સળંગ અઢી કલાકનું તેનું પઠન કવિમુખે સાંભળ્યું એ પછી ગુજરાત અને મુંબઈમાં બાવીસેકવાર તેનાં પઠનના કાર્યક્રમો યોજાયા અને ભાવકોમાં ઉત્તમ રીતે ઝીલાયું.

અજ્ઞાતવાસ દરમિયાન પાંડવો અને દ્રૌપદી વિરાટનગરીમાં ગુપ્તવેશે રહ્યાં હતાં ત્યારે દ્રૌપદી સૈરન્ધ્રી નામે વિરાટ રાજાની રાણી સુદેષ્ણાની દાસી બનેલી. સૈરન્ધ્રીની ભીતર ચાલતા ઉલ્કાપાતને અત્યંત પ્રભાવક રીતે આલેખતું આ પ્રબંધકાવ્ય સાત સર્ગ, ઓગણપચાસ ખંડ અને ૧૮૦૦ પંક્તિઓમાં ચોપાઈ અને દોહરા છંદમાં લખાયેલું છે. વર્તમાન સમય સાથે

સીધું અનુસંધાન કરી આપતા મૌલિક કવિકર્મથી તેને વ્યાપક સ્વીકાર સાંપડ્યો છે. કવિ વિનોદ જોશીને નરસિંહ મહેતા ઍવૉર્ડ (૨૦૧૮)થી સન્માનિત કરાયા તે પ્રસંગે મોરારિબાપુએ ગ્રંથરૂપે પ્રવીણ પ્રકાશન, રાજકોટ દ્વારા પ્રકાશિત થયેલ આ કાવ્યનું લોકાર્પણ કર્યું હતું.

એ પછી તેમાં રહેલી પૂર્ણ કદનાં નાટક બનવાની ક્ષમતાને ધ્યાને લઈ પ્રસિદ્ધ નિર્દેશિકા અદિતિ દેસાઈએ તેનું નાટ્યરૂપ તૈયાર કરવાનું હાથ પર લીધું. નૃત્યનાટક તરીકેની તેમાંની શક્યતાઓ ધ્યાને લઈ સિડનીમાં આરાધના ભટ્ટ અને પાર્થ નાણાવટી ૧૫ જૂન, ૨૦૧૯ના રોજ કવિની ઉપસ્થિતિમાં આ કાવ્યનું નાટ્યરૂપ પ્રસ્તુત કરી રહ્યાં છે. પરંતુ ૧ મે, ૨૦૧૯ના રોજ રાજકોટની નૃત્ય સંસ્થા શ્રીરંજની આર્ટ્સ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના સહયોગથી આ પ્રબંધકાવ્યની નૃત્યનાટક રૂપે પ્રભાવક રજૂઆત થઈ અને સાવ નવાં જ પ્રકારના આ નાટકને પ્રેક્ષકોએ વિશ્વ નૃત્યદિવસ નિમિત્તે મન ભરીને માણ્યું. ચિક્કાર ભરાયેલા રાજકોટના હેમુ ગઢવી હૉલમાં યોજાયેલ આ પ્રસ્તુતિ નિહાળવા રાજકોટના મહારાણી કાદમ્બરીદેવી, મેયર શ્રી બીનાબહેન આચાર્ય, મધ્યપ્રદેશની સાગર યુનિવર્સિટીના કુલાધિપતિ બળવંત જાની, નાટ્યદિગ્દર્શક ભરત યાજ્ઞિક તેમજ સ્વયં કવિ વિનોદ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

સુશ્રી નીપા દવે દિગ્દર્શિત અને અભિનીત બૅકડ્રૉપ સ્ક્રીન સાથેના આ નૃત્યનાટકમાં પચીસ જેટલાં કલાકારોએ ભાગ લીધો હતો. નૃત્ય, અભિનય અને સંગીતની સહિયારી પ્રસ્તુતિરૂપે ભજવાયેલાં આ નૃત્યનાટકને પ્રેક્ષકોએ સુંદર પ્રતિસાદ આપ્યો. ગુજરાતી ભાષામાં આ પ્રકારની કવિતા પ્રથમવાર લખી છે ત્યારે તેનું ક્લાસિકલ મંચન પણ અનેક પડકારો ઊભા કરે છે. સંભવ છે કે 'સૈરન્ધ્રી' દ્વારા ગુજરાતી રંગમંચને કોઈ નવી દિશા પણ મળે.



# 'મહાત્મા એક અનંત શક્તિ'ની ભરતનાટ્યમ શૈલીમાં નૃત્ય પ્રસ્તુતિ



અમદાવાદના ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે તારીખ ૪ મેના રોજ નવજીવન ટ્રસ્ટ તથા આવિર્ભાવ સ્કૂલ ઑફ ક્રિએટીવ આર્ટ્સના સહયોગથી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ અને નવજીવન ટ્રસ્ટના ૧૦૦મા જન્મદિનની ઉજવણી ભાગરૂપે 'મહાત્મા—એક અનંત શક્તિ' શીર્ષક હેઠળ એક સુંદર નૃત્ય પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી.

આપણા રાષ્ટ્રના પિતા મહાત્મા ગાંધીએ આપણામાં અહિંસા, સત્ય, સદ્‌ભાવના જેવા ઘણાં મહત્ત્વનાં મૂલ્યો વિકસાવવાનો પ્રયાસ કર્યો.

જે જીવનના મૂલ્યોમાં મહાત્મા ગાંધી દૃઢપણે માનતા હતા અને અનુસરતા હતા તેની નૃત્ય સ્વરૂપે રજૂઆત કરવામાં આવી હતી. આ મૂલ્યો આજની યુવા પેઢી માટે પણ અતિ મહત્ત્વના છે.

આવિર્ભાવ એકેડમીના નૃત્ય કલાકારોની ટીમે શાસ્ત્રીય નૃત્ય ભરતનાટ્યમ્‌ની શૈલીનો ઉપયોગ સુંદર અને અનોખી રીતે કર્યો હતો. સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના અને કોરિયોગ્રાફી સંસ્થાના ડિરેક્ટર સર્મિષ્ઠા સરકારે કરી હતી. આ પ્રોડક્શનમાં વિઝ્યુઅલ્સ, નૃત્ય અને સંગીતનો સુંદર સમન્વય કરવામાં આવ્યો હતો.

સંગીતસંકલન પ્રથમેશ ભટ્ટ, પ્રકાશ આયોજન પાર્થ રાવલ, દૃશ્ય સંરચના નીરવ કથીરિયા અને મયુર વાકાણી દ્વારા કરવામાં આવી. સુનિલ ધોળકિયા દ્વારા તસવીરો ખેંચવામાં આવી હતી. આ પ્રસ્તુતિ મહાત્મા ગાંધીને યાદ કરતી એક ભાવનાત્મક અનુભવ સમી બની રહી.



વિશ્વા રાવલ

# તરસ



આકાશમાં તારા ટમટમતા હતા. ઘનઘોર અંધકાર વચ્ચે એક આકૃતિ ધૂળીયા રસ્તા પર ચાલી રહી હતી. તેની ચાલ પરથી તેના શરીરનો થાક વર્તાતો હતો. કોઈક કૂતરાના ભસવાનો અવાજ તેને ચલિત કરવા સક્ષમ ન હતો. થોડા સમય સુધી જૂનાં જોડાનો અવાજ આવતો રહ્યો અને પછી દરવાજા પર ધીમેથી અથડાતી આંગળીઓના અવાજ સાથે તે અટકી ગયો. થોડા સમય સુધી એ અવાજ આવ્યા બાદ એક તેજપુંજ પેલી આકૃતિ પર પડ્યું. લગભગ ચાલીસનો એ માણસ, પણ કમરથી જરા વળી ગયેલો. આંખોનું તેજ ઓછું થઈ ગયેલું અને જાણે વરસોથી જીવનનો ભાર વેંઢારતો હોય તેવા ભાવ સાથે દરવાજાને તાકતો ઊભો હતો, જોનાથન. પોતાના જ ઘરની બહાર અર્ધી રાત્રે બાળકો જાગી ન જાય તે માટે માત્ર આંગળીઓથી દરવાજાને ટપારતો હતો. દરવાજો ખુલતા એક મોટું મોઢું દેખાયું. લીન્ડા. અનેક સપનાને મનમાં ધરબીને બેઠેલી તેની પત્ની અર્ધી ઊંઘમાં હતી. જોનાથને ઘરમાં જઈને દરવાજો બંધ કર્યો. એના જર્જરિત કપડાં ખંખેર્યા, સંધાયેલા જોડા એની પોતાની ઉંમરની ચાડી ખાતા હતા. એ પણ વળી ગયા હતા, જોનાથનની માફક. જાણે કોઈ ઘરેણાં ઉતારતો હોય તેવી ચીવટથી એણે જોડા ઉતારીને બાજુમાં રાખ્યા. હોઠ પર જીભ ફેરવી. તેને તરસ લાગી હતી. આસપાસ જોતાં સમજાઈ ગયું કે જેમ યંત્રવત્ લીન્ડા આવી હતી તેમજ તે પાછી પણ જતી રહી હતી. તેણે ફરીવાર હોઠ પર જીભ ફેરવી લીધી.

કોઈ એક જોરદાર ધડાકાના અવાજથી જોનાથન સફાળો બેઠો થઈ ગયો. તેણે આસપાસ જોયું પણ કાંઈ દેખાયું નહિ. બારીની બહાર માત્ર સપાટ જમીન દેખાતી

હતી. વરસો પહેલાં દૂર એક નદી વહેતી હતી તેવું તેણે નાનપણમાં સાંભળેલું. ઘણી વાર વિચાર પણ આવેલો કે નદી કેવી દેખાતી હશે? કોઈ એક જગ્યાએ આટલું બધું પાણી હોય તો કેવું સરસ લાગે? તે નદીની માત્ર કલ્પના જ કરતો. એક વાર તેની માએ તેને નદીનું વર્ણન કરેલું અને પછી ચિત્ર પણ બતાવેલું. "હે ઈશ્વર ક્યારેક તો આવી નદીના દર્શન કરાવજે!" એવી પ્રાર્થના સાથે તે સૂઈ ગયેલો. હવે તેને ખાતરી થઈ ગઈ હતી કે ઈશ્વર પણ કદાચ, બધાનું નથી સંભાળતો. અચાનક તેને લીન્ડાના કણસવાનો અવાજ સંભળાયો. તે અવાજની દિશામાં દોડી ગયો. માત્ર દસ મીટરમાં તો તે હાંફી ગયો. લીન્ડા ફર્શ પર પડી હતી. તેની ઉપર લાકડાનો ઘોડો પડ્યો હતો અને બે ચાર કાચની બરણીઓ ફૂટી ગઈ હતી. તેમાંથી કોઈ પારદર્શક પ્રવાહી ફર્સ પર ફેલાતું હતું. લીન્ડાના હાથમાંથી નીકળતું લોહી પેલા પ્રવાહીમાં ભળવાની તૈયારીમાં હતું. જોનાથને રૂમાલ કાઢ્યો અને ત્વરાથી ફર્સ પર પડેલા પ્રવાહી પર નાખ્યો. રૂમાલ ભીનો થતા જ તેણે બાજુમાં પડેલા ખાલી વાસણમાં નીચોવી નાખ્યો. તે સતત આવું કરી રહ્યો હતો. લીન્ડા કણસતી હતી. અચાનક જોનાથનનું ધ્યાન બાજુમાં ગયું. લીન્ડાના માથામાં પણ ઈજા થઈ હતી. તેણે પૂરી તાકાતથી ઘોડો સીધો કર્યો. લીન્ડાના માથા પર રૂમાલ બાંધ્યો. લીન્ડા બબડી. મારી ભૂલ થઈ ગઈ. બાબા માટે ભેગું કરેલું... અને બાકીના શબ્દો તેના ડૂસકામાં ભળી ગયા. તેને માથામાં વાગ્યું તેનાથી પણ વધારે વેદના પેલું પ્રવાહી ઢોળાઈ ગયું તેની હતી.

જોનાથને બધું સાફ કરી દીધું. લીન્ડાને હવે સારું હતું તેવું તે કહેતી હતી. પોતે કરેલા ઘોર અપરાધ માટે તે વારંવાર માફી માંગતી હતી. જોનાથનનું ગળું સુકાઈ રહ્યું હતું. તેણે હોઠ પર જીભ ફેરવી લીધી. હજુ પણ તેને સોસ પડતો હોય તેમ તેની જીભ સતત હોઠ પર ફરતી રહી.

દૂર ક્ષિતિજ પર સૂરજ ડૂબી રહ્યો હતો. જોનાથન લીન્ડાનું માથું ખોળામાં રાખીને તેના વાળમાં હાથ ફેરવતો હતો. જવાબદારીએ કેટલાય વરસ સુધી તેમને આ સ્થિતિમાં આવવા દીધા ન હતા. અને કદાચ આજે તો પેલો અકસ્માત કારણભૂત હતો ને? બંનેના પડછાયા લંબાતા લંબાતા અંધકારમાં ભળી ગયા. થોડા સમય પછી એક ડુસકાના અવાજે રાતની શાંતિનો ભંગ કર્યો. જોનાથનની જીભ ફરી હોઠ પર ફરી. તેણે લીન્ડાની આંખો પર હાથ ફેરવ્યો. હવે તેની હથેળીમાં ભીનાશ હતી. રાત ફરી શાંત હતી.

લીન્ડાને જરાક સારું લાગતા જ જોનાથને પાછા જવાની રજા માંગી. પોતાની હથેળીમાં તેનો હાથ દબાવ્યો અને આંખોમાં જોયું. એ આંખોમાં કાયમની માફક સંદેશ હતો કે આવો ત્યારે બાબા માટે પાણી લેતા આવજો. ગઈ વખતે બિચારો કેવો રીબાયો તો? જોનાથને હથેળીને જરા જોરથી દબાવી અને પીઠ ફેરવી લીધી. કોઈ રાજાની અદાથી તે ખુરસીમાં બેઠો અને પેલા જોડા પગમાં નાખવા મહેનત કરવા લાગ્યો. તે ઈચ્છતો હતો કે લીન્ડા તેને રોકી લે. પણ એવી સમજ લીન્ડામાં ક્યાં હતી. તેને તો એકમાત્ર ચિંતા હતી પેલા ઢોળાઈ ગયેલા પાણીની. અને તે પણ પોતાના બાબા માટેનું અમૂલ્ય પાણી. લીન્ડા બારીમાંથી બહાર ક્ષિતિજ તરફ જોઈ રહી હતી જાણે ક્ષિતિજને પેલે પારથી કોઈની રાહ ન હોય?

અચાનક દરવાજા પર ટકોરા પડ્યા. જોનાથને દરવાજો ખોલ્યો અને સામે બે અજાણ્યા માણસો દેખાયા. "આખા પંથકમાં પાણી નથી. અમે બે દિવસથી ભટકીએ છીએ. મારો દીકરો બીમાર છે અને દાક્તરે બે ગ્લાસ પાણી આપવાનું કહ્યું છે. જોનાથને બે ઘડી તેમની આંખોમાં જોયું અને હોઠ પર જીભ ફેરવી. આકરા તાપ સહન કરીને ભેગું કરેલું પાણી આપી દેવું? પેલા લોકોની આંખમાં વિવશતા હતી. "લીન્ડા શું કહેશે?" એક તો પાણી ઢોળાઈ ગયું અને પાછું...



તેની નજર સામે બાબો દેખાયો. આવી જ રીતે તે પોતાના દીકરા માટે વલખા મારતો હતો. મા કહેતી કે તેઓ નાના હતા ત્યારે પાણીની નદીઓ વહેતી. પણ પાણીનો બગાડ થતો રહ્યો અને અંતે પાણીની કિંમત વધતી રહી. આખા મહિનાના પગારમાં એક બાટલી પાણી આવતું અને તે પણ નસીબ હોય તો મળે. ઘરેણાં વેચવા છતાંય પાણી ન મળ્યું અને બાબો... તેણે ફરી હોઠ પર જીભ ફેરવી. લીન્ડા તો હજુ પણ એવું જ માનતી હતી કે બાબો આવશે અને પાણી માંગશે. ઘરમાં સો લીટરથી વધારે પાણી હતું એમાંથી દસેક લીટર ઢોળાઈ ગયું. જોનાથને પેલા ભાઈને ઈશારો કર્યો અને અંદર આવવા કહ્યું. તે કોઠારમાંથી પાંચ લીટર પાણી લઈ આવ્યો અને પેલાને આપતા કહ્યું, "તમારા દીકરાને ઈશ્વર લાંબુ આયુષ્ય આપે." પેલા બંને થેલી ભરીને રૂપિયા આપવા લાગ્યા પણ જોનાથને તે પાછા આપ્યા. અંતે સોનાનો અછોડો તમારા વહુ માટે, કહીને તેમણે જોનાથનના ખિસ્સામાં સેરવી દીધો. બંને આકૃતિઓ અંધકારમાં ઓઝલ થઈ ગઈ.

"કોણ હતું?"

"એ તો બાબો પાણી લેવા આવ્યો હતો. સારું થયુંને આપણે સાચવી રાખ્યું હતું. જો તારા માટે સોનાનો દોરો આપી ગયો." જોનાથને દોરો લીન્ડાના ગળામાં પોરવી દીધો. લીન્ડાએ તેનો હાથ ગળાને અડાડી દીધો. વરસોનો ધોધ છલકાઈ ગયો. જોનાથન ઊભો થયો. એક પ્યાલામાં પાણી લઈ આવ્યો. વરસો પછી વાદળોને વરસવાની ખેવના થઈ.

Swarsetu eBook availble at : www.e-shabda.com

CYGNET GROUP

indian-ebooks

# આકર્ષક લાવણ્યપૂર્ણ રંગપ્રવેશમ્‌ની રજૂઆત





૧૧થી ૧૫ વર્ષની વયની યુવાન પ્રતિભાસંપન્ન ભરતનાટ્યમ્ નૃત્યાંગનાઓ દ્વારા 'રંગપ્રવેશમ્'(આરંગેત્રમ્)ની રજૂઆત તારીખ ૧૧મી મે ના રોજ અમદાવાદના ટાગોર હોલ ખાતે કરવામાં આવી. પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ તથા વિશ્વ વિખ્યાત કથ્થક ગુરુ પદ્મભૂષણ શ્રીમતી કુમુદિની લાખિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભરતનાટ્યમ્ શૈલીમાં સુખ્યાત અને ગુરુ શ્રીમતી ડોલીબહેન દેસાઈના શિષ્યા અંશિકા તાંદેલ, પ્રાર્થના દુબે, ચિન્મય પંડ્યા તથા કાવ્યા દેસાઈએ પોતાની સાત વર્ષની નૃત્ય સાધનાને પ્રથમ વખત મંચ પર રજૂ કરી.

આ ચારેય યુવા નૃત્યાંગનાઓને પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ દ્વારા પ્રોત્સાહિત શબ્દોથી નવાજવામાં આવી હતી. પદ્મભૂષણ શ્રીમતી કુમુદિની લાખિયાએ ખૂબ આશીર્વચન આપ્યા અને કલાગુરુ શ્રીમતી ડોલીબહેન દેસાઈ દ્વારા ચારેય દીકરીઓને કલાસાધનામાં આગળ વધવા માટે પ્રેરણા આપતા આશીર્વચન પાઠવ્યા હતા.

**(ફોટો સૌજન્ય: 'સ્ટુડિયો ઈમેજ')**

# પદ્મભૂષણ શ્રીમતી કુમુદિની લાખિયાના ૯૦મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી






એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત પ્રસ્થાપિત થયેલી જે. જી. કૉલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ હંમેશા ગુરુશિષ્ય પરંપરાને ઉજાગર કરતી સંસ્થા તરીકે જાણીતી છે. કલા અને સંસ્કારના મૂલ્યોનું હંમેશા જતન કરતી આ સંસ્થા પ્રત્યેક વર્ષ 'વિવિધોત્સવમ'નું આયોજન કરે છે. કલાજગતના વિવિધ તજજ્ઞો દ્વારા શિબિરોનું આયોજન પણ કરવામાં આવે છે. આ ઉપરાંત 'વર્લ્ડ મ્યુઝિક ડે' 'વર્લ્ડ થીયેટર ડે', 'વર્લ્ડ ડાન્સ ડે'ની ઉજવણી પ્રસંગે સંસ્થાના ચેરમેન જ્હોન જીવર્ગીસ દ્વારા સ્વનામધન્ય કલાકારોનું સન્માન કરવામાં આવે છે.

તાજેતરમાં આ સંસ્થાના પ્રારંભથી જ તેની સાથે કાર્યરત રહેલાં પદ્મભૂષણ શ્રીમતી કુમુદિની લાખિયાના ૯૦મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી.





ગુરુદક્ષિણા સમા આ કાર્યક્રમની શરૂઆતમાં પંડિત બિરજુ મહારાજ, સોનલ માનસિંગ, શાશ્વતી સેન, દક્ષા શેઠ, અદિતિ મંગળદાસ, મૌલિક શાહ, ઈશીરા પરીખ, ઊર્જા દેસાઈ ઠાકોર દ્વારા કુમીબહેનને શુભેચ્છા સંદેશ પાઠવતી વિડીયો ફિલ્મ દર્શાવવામાં આવી હતી. જેનું નિર્માણ ભાર્ગવ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કદમ્બ સંસ્થાના કલાકારો દ્વારા કથક નૃત્ય શૈલીની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમશ્રી ઓ. પી. કોહલી દ્વારા કુમીબહેનનું સ્મૃતિ ચિહ્ન અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામી આધ્યાત્મનંદજી, જોહન જી. વર્ગીસ અને એશિયા ચેરિટેબલ ટ્રસ્ટના ડાયરેક્ટર એમ. પી. ચંદ્રન ઉપસ્થિત રહ્યા હતા.





શિવાનંદ આશ્રમની સ્થાપનાની ૨૫મા વર્ષની ઉજવણી અને કુમીબહેનના ૯૦મા જન્મદિવસની ઉજવણી પવિત્રતા અને સંસ્કારીતાની સહિયારી ક્ષણોનો આનંદરૂપ પ્રસંગ બની રહ્યો હતો.

મલ્લિકા સારાભાઈ, શ્રીમતી ઈલાક્ષીબહેન ઠાકોર, ડોલી દેસાઈ, ભાર્ગવ ઠક્કર, આરતી મુનશી, સૌમિલ મુનશી, શ્યામલ મુનશી, આભા દેસાઈ, મૌલિક શાહ, ઈશીરા પરીખ, કલાવિવેચક એસ. ડી. દેસાઈ, એસ્થર ડેવિડ, સુપર્વા મિશ્રા, ચંદન ઠાકોર, નિરાલી ઠાકોર, કદમ્બ પરીખ, ભરત બારિયા, અક્ષય પટેલ ઉપરાંત આશરે ૬૦૦ જેટલા કલારસિક શ્રોતાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન જે. જી. કૉલેજના બિજોય શિવરામ તથા સંસ્થાના અન્ય કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં સૌ મહાપ્રસાદ આરોગી વિખરાયા હતા.



## જન્મદિવસ શુભ હો... શુભદાયી...

૦૧ જુલાઈ: **હરિપ્રસાદ ચૌરસિયા** (વિખ્યાત વાંસળીવાદક)

૦૨ જુલાઈ: **સુદેશ ભોંસલે** (ગાયક, મુંબઈ)

૦૨ જુલાઈ: **મોહમ્મદ અઝીઝ** (ગાયક, મુંબઈ)

૦૩ જુલાઈ: **અમિતકુમાર ગાંગુલી** (ગાયક-સંગીતકાર, મુંબઈ)

૦૩ જુલાઈ: **બંકિમ પાઠક** (ગાયક, અમદાવાદ)

૦૩ જુલાઈ: **દિપાલી શુક્લ** (ગાયિકા, અમદાવાદ)

૦૬ જુલાઈ: **બાલી બ્રહ્મભટ્ટ** (ગાયક-સંગીતકાર, મુંબઈ)

૦૭ જુલાઈ: **સંજય વૈદ્ય** (ફોટોગ્રાફર, અમદાવાદ)

૦૮ જુલાઈ: **આભા દેસાઈ** (ગાયિકા, અમદાવાદ)

૦૮ જુલાઈ: **આલાપ પરીખ** (વાદક કલાકાર- વાંસળી, અમદાવાદ)

૧૦ જુલાઈ: **શરદ ઠાકર** (સાહિત્યકાર, અમદાવાદ)

૧૧ જુલાઈ: **સંજુ વાળા** (કવિ, અમદાવાદ)

૧૧ જુલાઈ: **નીતિન મહેતા** (કવિ, મુંબઈ)

૧૧ જુલાઈ: **દેવયાની ઠક્કર** (ગુજરાતી ફિલ્મ અને થિએટર આર્ટિસ્ટ)

૧૩ જુલાઈ: **અશરફ ડબાવાલા** (કવિ, યુ.એસ.એ.)

૧૪ જુલાઈ: **ચન્દ્રકાંત લક્ષપતિ** (વાદક કલાકાર- મેન્ડોલિન, મુંબઈ)

૧૪ જુલાઈ: **હિમાલી વ્યાસ નાયક** (ગાયિકા, મુંબઈ)

૧૫ જુલાઈ: **ચન્દ્રકાંત અંધારિયા** (કવિ, ભાવનગર)

૧૫ જુલાઈ: **ભરત મકવાણા** (વાદક કલાકાર-ઢોલક, અમદાવાદ)

૧૫ જુલાઈ: **અનંત વ્યાસ** (સ્વરકાર, રાજકોટ)

૧૬ જુલાઈ: **મધુ રાય** (સાહિત્યકાર, યુ.એસ.એ.)

૧૬ જુલાઈ: **પરાગી અમર** (ગાયિકા, વલસાડ)

૧૭ જુલાઈ: **પાયલ શાહ** (ગાયિકા, અમદાવાદ)

૧૮ જુલાઈ: **શુભા જોશી** (ગાયિકા, મુંબઈ)

૧૮ જુલાઈ: **સુખવિન્દર સિંગ** (ગાયક, મુંબઈ)

૧૮ જુલાઈ: **હરદ્વાર ગોસ્વામી** (કવિ, અમદાવાદ)



## સુખદાયી... ચિર આયુ પામો

૧૮ જુલાઈ: **કુંજબિહારી નાયક** (વાદક કલાકાર-કીબોર્ડ-સંતુર, અમદાવાદ)

૧૮ જુલાઈ: **બીરેન પુરોહિત** (વાદક કલાકાર-કીબોર્ડ, અમદાવાદ)

૧૯ જુલાઈ: **મિતાલી સીંગ** (ગાયિકા, મુંબઈ)

૧૯ જુલાઈ: **બિજોય શિવરામ** (નૃત્યકાર, અમદાવાદ)

૨૦ જુલાઈ: **વિવેક રાવલ** (વાદક કલાકાર-કીબોર્ડ, અમદાવાદ)

૨૧ જુલાઈ: **શ્રીલેખા મહેતા** (લેખિકા-નૃત્યકાર, મુંબઈ)

૨૧ જુલાઈ: **રંજના હરીશ** (વ્યાખ્યાતા, અમદાવાદ)

૨૨ જુલાઈ: **રાજશ્રી પરમાર** (લોકગાયિકા, ભાવનગર)

૨૩ જુલાઈ: **હિમેશ રેશમિયા** (ગાયક-સંગીતકાર, મુંબઈ)

૨૩ જુલાઈ: **અનુપા પોટા** (ગાયિકા, વડોદરા)

૨૪ જુલાઈ: **મોહિની શાહ** (ગાયિકા, અમદાવાદ)

૨૫ જુલાઈ: **ઉદય શુક્લ** (ગાયક-સ્વરકાર, ગાંધીનગર)

૨૫ જુલાઈ: **મનિષી રાવલ** (વાદક કલાકાર-તબલાં, અમદાવાદ)

૨૬ જુલાઈ: **નરેશ શાહ** (આયોજક-રંગત સંસ્થા, અમદાવાદ)

૨૬ જુલાઈ: **ચેતન ગાંધી** (કાર્યક્રમ આયોજક, અમદાવાદ)

૨૭ જુલાઈ: **હિતેન આનંદપરા** (કવિ, મુંબઈ)

૨૭ જુલાઈ: **ચેતન દવે** (ડાયરેક્ટર-પનઘટ પરફોર્મિંગ આર્ટસ, અમદાવાદ)

૨૮ જુલાઈ: **દિનકર મહેતા** (મિમીક્રી આર્ટિસ્ટ, મુંબઈ)

૨૮ જુલાઈ: **નયનેશ જાની** (ગાયક-સંગીતકાર, અમદાવાદ)

૨૯ જુલાઈ: **પદ્મશ્રી અનુપ જલોટા** (ગાયક, મુંબઈ)

૩૦ જુલાઈ: **સુરેન ઠાકર 'મેહુલ'** (સંચાલક, મુંબઈ)

૩૧ જુલાઈ: **કોશા તામ્હણકર** (ટી.વી. અને નાટ્ય કલાકાર, મુંબઈ)

૩૧ જુલાઈ: **હર્ષ બ્રહ્મભટ્ટ** (ગુજરાતી-ઉર્દૂ કવિ, અમદાવાદ)





# પારૂમા
જ્વેલ્સ્
Exclusive Diamond Jewellery
"પારૂમા હાઉસ" નેહરુ નગર સર્કલ પાસે,અમદાવાદ-૧૫. ફોન : ૦૭૯ - ર૬૭૫૦૫૦૮, ૭૫૭૫૮ ૫૦૫૦૮


નિર્ણય તમારો
અને આપી ઇશ્વરે દેન,
દીકરી જાણી
એના પર ન બોલો કડવા વેણ.
બેટી વધાવો
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય

Registered under RNI No.GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under Postal Regd. No. GAMC-1833/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.

SHYAMAL-SAUMIL

the musical odyssey

शीतल

# Best of Shyamal-Saumil

**શ્યામલ-સૌમિલનાં**

**સદાબહાર અને લોકપ્રિય સ્વરાંકનો**




**સંગીતઃ**
**શ્યામલ-સૌમિલ**

**ગાયક :**
**આરતી મુનશી,**
**સૌમિલ મુનશી,**
**શ્યામલ મુનશી**

Visit us on:www.shyamalsaumil.com

for downloads log on to hungama MOBILE

/shyamalsaumil YouTube

/shyamalsaumil f

**Audio CD Available at all Music Stores**

**Marketed by : Wonder Waves Ent.Pvt.Ltd.,** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchvati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us : 26561834/35, Visit us at: www.shyamalsaumil.com